# સહજ-સત્સંગ

Year : 2 Issue : 18 Dt. 1-7-2014 Page - 52 માસિક








## ચતુરાશ્રમ





## મા મીરાંબિકા

One must never pretend that one is :
One must be spontaneously.
This is sincerity.

- The Mother

## પ્રામાણિકતાનો અર્થ

જે પોતે નથી તેવો ઢોંગ શું કામનો ?
સહજ સ્થિતિમાં પણ બની રહેવું, એ જ છે પ્રામાણિકપણું.

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

## નૂતન જગતનાં મંડાણ

(તા.૦૩.૧૧.૧૯૧૪ - પૃ.૧૯૬)



જ્યારે સૌથી દિવ્ય અને સૌથી પાર્થિવ ચેતનાઓની એકતા સંપૂર્ણ બની હતી, એ ઘડીઓમાં જ્યારે વ્યક્તિગત સ્વરૂપ અને વિશ્વરૂપ જનની..... અને તારી વચ્ચેની એકતા એટલી બધી તો સંપૂર્ણ હતી કે વ્યક્તિ સ્વરૂપે..... પોતાનું અસ્તિત્વ આખા વિશ્વનું જીવન અને..... તારી શાશ્વતી સાથે એકરૂપતામાં અનુભવ્યું હતું. પરમ આનંદ..... એની અનંત ચરમ સીમાએ પહોંચ્યો હતો. ચેતના પ્રકાશવાન અને અમાપ બની ગઈ હતી..... આ કોઈ લાંબી એકાગ્રતાના પરિણામે જન્મતી અને લય પામી જતી અવસ્થા નથી પણ શાશ્વતીથી ભરેલી..... કાયમી અવસ્થા છે જેની સાથે સંજોગો અનુકૂળ હોય ત્યારે સૌથી બાહ્ય ચેતના સંપર્કમાં આવે છે. જ્યારે એ બાહ્યચેતનાને..... મગજનું કે ભૌતિક કાર્ય કરવાનું હોતું નથી..... સર્વ કાર્યોમાં તારા સત્ અને અસત્ એવા બેવડા સ્વરૂપની હાજરીનો અનુભવ થાય છે. પણ તે એકાગ્રતાથી વણાએલા પાતળા પડદા પાછળનો હોય છે..... એકાંતની ઘડીઓમાં મારું સ્વરૂપ એક શક્તિશાળી, પ્રભાવપૂર્ણ નિશ્ચળ, દિવ્ય વાતાવરણથી ઘેરાઈ ગએલું અનુભવે છે..... ભૌતિક દેહ ગૌરવશાલી, નમનીય, બળશાળી બની જાય છે. મન તેની અવિચળ સ્પષ્ટતા સાથે સક્રિય બનીને તારા દિવ્ય સંકલ્પને દોરે છે.... પસાર કરે છે..... એક હર્ષાવેગ અનુભવે છે....

શરીરના નાના નાના પરમાણુમાં પણ તું અને તુંજ વસે છે.

આ પ્રકારે તારા કાર્યના..... પાયાઓ પૃથ્વી ઉપર તૈયાર થાય છે.... આ રીતે તૈયાર થએલી પૃથ્વી તારા નૂતન અને પૂર્ણ આવિર્ભાવના ભવ્ય મંદિરને સ્વીકારવાને હાજર થશે.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (નૂતન જગતનાં મંડાણ) | ૩ |
| **શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન** (પૂર્વ ભૂમિકા) | ૬ |
| **દિવ્યજીવન** (વૈદિક વારસો) | ૯ |
| **માતૃવાણી** (માતાજીની શારીરિક-ચેતનાની અનુભૂતિઓ) | ૧૧ |
| **સાવિત્રી** (વ્યક્તિ ચેતનાનો વિકાસ) | ૧૫ |
| **યોગ વિષે પત્રો** (ચૈત્યપુરુષની સાધનામાં ભૂમિકા) | ૧૮ |
| **ઉપનિષદો** ((૨) કેનોપનિષદ) | ૨૨ |
| **વેદ-રહસ્ય** (સવિતૃ ભગ) | ૨૫ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (શ્રી અરવિન્દના કાર્યમાં માનવ-વંશનું સ્થાન) | ૨૭ |

| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **યોગ પર દીપ્તિઓ** (સમર્પણનો સિદ્ધાંત) | ૩૦ |
| **સાંજના વાર્તાલાપો** (દેવોના સ્વરૂપો) | ૩૩ |
| **વેદવિજ્ઞાન** (ઈલા - સરસ્વતિ ભારતી, મહિ) | ૩૫ |
| **ધ મધર્સ એજન્ડા** (રૂપાંતરનું પરિણામ) | ૩૯ |
| **જાતક કથાઓ** (''સાહસે શ્રી') | ૪૦ |
| **યોગનાં મૂળતત્ત્વો** (રૂપાંતર) | ૪૧ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (જ્ઞાનનો વિસ્તાર (૭૦-૭૧)) | ૪૪ |
| **આધ્યાત્મિક કેન્દ્ર** | ૪૭ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**
અંક : ૧૮ વર્ષ : ૨
જુલાઈ - ૨૦૧૪

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

**: સહજ સત્સંગ કાર્યાલય :**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩ ૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિ પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવા ચેક, ડ્રાફ્ટ,
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)

# નૂતન જગતનાં મંડાણ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજીને પોતાના વ્યક્તિ સ્વરૂપની વૈશ્વિક અને વિશ્વાતીત સ્વરૂપ સાથેની એકરૂપતાની અનુભૂતિ આવે છે અને તે એકતાના પરમાનંદમાં માતાજી લીન બની જાય છે. તે વખતે અસીમ સર્વવ્યાપી પ્રકાશમય ચેતના સ્વરૂપે માતાજી પોતાને અનુભવે છે.

માતાજી જણાવે છે કે આ કાંઈ લાંબી એકાગ્રતા પછી આવતી ક્ષણિક અનુભૂતિ નહોતી. પણ કાયમી સાક્ષાત્કાર સ્વરૂપનો અનુભવ હતો. જ્યારે માતાજી કોઈ ભૌતિક કાર્યમાં અટવાયેલાં ન હોય અને આંતરિક એકાગ્રતામાં સરી પડે છે, ત્યારે આવો અનુભવ માતાજીને અચૂક આવવા લાગ્યો. તે અનુભવમાં સ્થિર નિષ્ક્રિય પ્રકાશમય ચેતના જેને માતાજી સત્ કહે છે અને સક્રિય જગતના વ્યવહાર કરતી ચેતના જેને અસત્ કહે છે, આ બન્ને માતાજીને પરમ-પ્રભુના જ દર્શનનાં બે પાસાં સ્વરૂપ લાગે છે.

તેમાં એક જ મુશ્કેલી આવે છે.

સમગ્ર એકતાની અનુભૂતિ જાણે પાતળા પારદર્શક પડદા પાછળની વાસ્તવિકતા છે એવું લાગે છે. અર્થાત્ હજી તે અવસ્થાને ભૌતિક જીવનની વાસ્તવિકતાઓ સાથે સુસંવાદમાં પૂરેપૂરી ગોઠવેલી નથી હોતી. તેને કારણે આ પડદો દેખાય છે. તે એકાગ્રતા અને શાંતિનો પડદો છે. એકાગ્રતા અને શાંતિ વગર તે દર્શન ખૂલતું નથી.

તે અનુભવને કારણે માતાજીને પોતાના શરીરમાંથી આજુબાજુ ફેલાએલો અસીમ જ્યોતિર્મય ફેલાવો અચૂક દેખાય છે. તેમાંથી માતાજીનું સ્વરૂપ પોષણ અને શક્તિ મેળવે છે એમ માતાજીને લાગે છે. માતાજીએ પોતાનું શરીર તેજોમય અણુઓનું બનેલું લાગે છે. મનમાં સ્પષ્ટ દર્શનની ક્ષમતા પ્રગટ થએલી લાગે છે. તે મન આધ્યાત્મિક સંદેશાઓ ફેલાવતું હોય એવું લાગે છે. ઉરમાં દિવ્યાનંદ પ્રગટે છે. પ્રભુની હાજરી અણુએ અણુમાં અનુભવાય છે.

આ સમગ્ર પ્રક્રિયા નૂતન જગતનો પાયો મંડાઈ રહ્યો છે તેની છે, એવું માતાજી જણાવે છે. પૃથ્વી આ રીતે તૈયાર થશે ત્યારે જ નૂતન જગત નિર્માણ થશે એવું માતાજીને લાગે છે.

# શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

## પૂર્વભૂમિકા

(ગતાંકથી ચાલુ)

જ્યારે પરમાત્માની પૂર્ણ ચેતના પાર્થિવ જીવનમાં કાર્ય કરતી થશે ત્યારે કેવું હશે એ જીવન અને જગત ? શ્રી અરવિન્દ કહે છે :

પછી તો બધું જ બદલાઈ જશે
આ યંત્રવત્ જીવન કરતાં ક્યાંય ચઢિયાતી
ચમ ત્કારિક વ્યવસ્થા સર્જાઈ જશે
મહાસમર્થ જાતિ વસશે, આ મૃત્યુલોકમાં
આત્માની ભૂમિકા પરે,
પ્રકૃતિના તેજોમય શિખરે,
અતિમાનસ પુરુષ બનશે,
જીવનનો રાજવી
ને તે જ ચલાવશે સ્વર્ગની સહચરી
અને સ્વર્ગની સમોવડી
દોરી જશે તે માનવીના અજ્ઞાન હૈયાને,
પ્રભુ પ્રત્યે, સત્ય પ્રત્યે
ને ઊઠાવશે તેની મર્ત્યતાને અમરો પ્રત્યે
સાવિત્રી સર્ગ - ૨ પર્વ - ૧૨

શ્રી અરવિન્દે સમગ્ર માનવજાતિને પ્રભુ પ્રત્યે, સત્ય પ્રત્યે જવા માટેનો જે માર્ગ કંડારી આપ્યો એ જ શ્રી અરવિન્દનું માનવજાતિને માટે અભૂતપૂર્વ પ્રદાન છે, અત્યારની માનવચેતના હજુ શ્રી અરવિન્દના આ મહાન કાર્યને પૂરેપૂરું જાણી

શકે તેટલી વિકસિત નથી. પણ ભવિષ્યમાં જ્યારે સમગ્ર માનવચેતના એટલી વિકાસ પામશે ત્યારે જ શ્રી અરવિન્દે માનવજાતિને માટે કેટલું મોટું કાર્ય કર્યું છે, તેની જાણ થશે.

**શ્રી અરવિન્દનું વિપુલ પ્રદાન - સાહિત્યમાં :**

સાહિત્યક્ષેત્રે શ્રી અરવિન્દનું પ્રદાન અદ્વિતીય છે. કોઈપણ દેહધારી મનુષ્ય લખી શકે તેના કરતાં ઘણું વિપુલ અને ઉચ્ચ ગુણવત્તાવાળું સાહિત્ય તેમણે આપ્યું છે. સાહિત્યના તમામ પ્રકારોને તેમણે આવરી લીધા છે. કવિતા, મહાકાવ્ય, નાટક, નિબંધ, તત્ત્વજ્ઞાન, યોગદર્શન, ભારતીય સંસ્કૃતિ, ગીતા વેદ, ઉપનિષદ, ભાવિ સમાજ અને શિષ્યોને માર્ગદર્શન આપતા હજારો પત્રો - આ બધાંનો તેમના સર્જનમાં સમાવેશ થાય છે. આટલું વિપુલ અને વૈવિધ્યસભર સાહિત્ય સર્જન કરવા છતાં તેમણે જણાવ્યું છે કે તેઓ પોતાનું જ્ઞાન પૂરેપૂરું વ્યક્ત કરી શક્યા નથી. એક વાર્તાલાપમાં તેમણે કહ્યું હતું કે તેમણે જે સાહિત્ય સર્જન કર્યું, તેના કરતાં દસગણું વધારે કર્યું હોત તો પણ તેમના જ્ઞાનને પૂરેપૂરું વ્યક્ત કરી શકાયું ન હોત ! તો કેવું અગાધ અને અસીમ હશે એ જ્ઞાન ! એ જ્ઞાન તો એમને સીધેસીધું ઊર્ધ્વમાંથી આવતું હતું. આથી લખવા માટે એમને કોઈ વિચાર કરવો પડતો ન હતો. ૧૯૧૪માં શ્રી માતાજી જ્યારે પ્રથમ વખત શ્રી અરવિન્દને મળવા આવ્યાં, ત્યારે તેમને શ્રી અરવિન્દના આ અનુભૂત અસીમ અને અગાધ જ્ઞાનનો પરિચય થયો અને તેમણે 'આર્ય' માસિકનું પ્રકાશન શરૂ કર્યું. 'આર્ય'માં શ્રી અરવિન્દના એક સાથે સાત સાત ગ્રંથોના પ્રકરણો ધારાવાહિક રૂપે આપતા હતા. પાછળથી કહ્યું હતું, કે 'આર્યમાં સાત સાત વિષયો પર સિત્તેર વર્ષ સુધી લખી શક્યો હોત અને તો પણ મને ઊર્ધ્વમાંથી જે જ્ઞાન પ્રાપ્ત થયું છે, તે પૂરેપૂરું લખી શક્યો ન હોત !

એમની ચેતના તો પરમાત્માની  ચેતના સાથે એકરૂપ બની ગયેલી. એથી એમના જ્ઞાનને કોઈ સીમા જ ન હોય, એ સ્વાભાવિક છે. એમની એક કવિતામાં તેમણે લખ્યું છે કે, '' મેં એક મહાવિરાટના મધુની જેમ અનંતનું પૂર્ણપાન કર્યું છે.'' આ અનંતના પૂર્ણપાનના પરિપાક રૂપે માનવજાતિને માટે તેમણે દિવ્ય સાહિત્યનો અલૌકિક ખજાનો ભરી દીધો !

શ્રી અરવિન્દ શતાબ્દિ નિમિત્તે એમનું સઘળુ સાહિત્ય ૧૯૭૨માં ત્રીસ દળદાર ગ્રંથોમાં પ્રકાશિત કરવામાં આવ્યું હતું. પરંતુ ત્યારબાદ ૧૯૯૦માં શ્રી અરવિન્દના બીજા ઘણા અપ્રસિદ્ધ લખાણોનું સંશોધન કરીને બીજા વધુ ગ્રંથો પણ પ્રકાશિત કરવામાં આવ્યાં, આથી હવે શ્રી અરવિન્દનું સઘળું સાહિત્ય બત્રીસ દળદાર ગ્રંથોમાં ઉપલબ્ધ છે. ૧૯૧૦ પહેલાંના બધાં લખાણો, વંદેમાતરમ્‌ના તંત્રી તરીકે લખેલા લેખો, ભારતમાતાની મુક્તિ માટે પ્રજાની ચેતનાને ઢંઢોળીને તેમાં પ્રાણશક્તિનો સંચાર કરતી એમની આગઝરતી વાણીના લેખોનો સંચય પ્રથમ દળદાર ગ્રંથમાં થયેલો છે. આ લેખો દ્વારા જાણી શકાય છે કે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ શ્રી અરવિન્દ ભલે છ જ વર્ષ જેટલા સમય માટે રહ્યા, પરંતુ સંપૂર્ણ સ્વતંત્રતા માટેની ભૂમિકા રચી આપી. આમ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ શ્રી અરવિન્દનું પ્રદાન કંઈ નાનું સૂનું નથી. તેમણે જ રાષ્ટ્રીય ધર્મની વિભાવના આપી. વંદેમાતરમ્‌નો મંત્ર આપ્યો અને દેશ માટે કુરબાન થઈ જવાની, સર્વસ્વનો ત્યાગ કરવાની પ્રેરણા આપી. બંગાળના નવયુવાનોને તૈયાર કર્યા. આ વિષે ઈન્ડિયાઝ ફાઈટ ફોર ફ્રીડમનામના પૂસ્તકમાં પ્રો. મુખરજીએ લખ્યું છે : જાગૃત બનેલો આત્મા જ જાણે અરવિન્દમાં અવતાર પામ્યો હતો. અને તે પોતાનું અનન્ય વ્યક્તિત્વ અને એકતાનો અહોભાવ તેમનામાં મૂર્તિમંત કરી રહ્યો હતો, અત્યંત સ્પષ્ટ રીતે કહીએ તો અરવિન્દ એક સાચા પયગંબર હતા, હિંદની સ્વતંત્રતાના આંદોલનોના પથસર્જક અને આદિસ્થાપક હતા. અર્વાચીન હિંદે જે રાજપુરુષો ઉત્પન્ન કર્યા છે, તે સર્વમાં અરવિન્દને હિંદના સ્વરાજનું તેના પૂર્ણરૂપમાં સૌથી વધુ સ્પષ્ટ દર્શન હતું. તેમ જ તે મેળવવા માટે વ્યવહારૂ રીતે એક જહેમત ભરેલો અને એકધારો સંગ્રામ ખેડીને શું શું કરવું પડશે, એ માટે કેવી કેવી તૈયારી કરવી પડશે, એનું સ્પષ્ટ ચિત્ર એ સમયના શ્રી અરવિન્દના લખાણો અને તંત્રીલેખોમાંથી મળે છે. આ બધા લેખો શતાબ્દિ ગ્રંથમાળાના પ્રથમ દળદાર ગ્રંથમાં સંગ્રહિત થયા છે, તે દ્વારા શ્રી અરવિન્દે ત્યાગ અને માતૃભૂમિની સેવા દ્વારા ભક્તિના સર્વોચ્ચ આદર્શને રાજકારણમાં પ્રસ્થાપિત કરી નવા રાષ્ટ્રીય ધર્મને પ્રજાના માનસમાં દૃઢ કર્યો હતો તેનું સ્પષ્ટ દર્શન થાય છે. (ક્રમશઃ)

# દિવ્ય-જીવન

- શ્રી અરવિન્દ

## વૈદિક વારસો

પ્રકરણ - ૮

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આપણી ઈન્દ્રિયો અને મન આપણને આંતરબાહ્ય જગતનું જ્ઞાન કરાવે છે. તે બાહ્ય ભૌતિક જગતનું તેમજ આંતરિક માનસિક જીવનનું જ્ઞાન આપણને આપે છે. આ બંને પ્રકારનાં જ્ઞાનને આપણે બે શબ્દોમાં જ આવરી શકીએ એમ છીએ. આ બંને જગતને શાસ્ત્રો 'નામ રૂપાત્મક' તરીકે વર્ણવે છે. દરેક બાહ્ય વસ્તુ કે આંતરિક ભાવના કે વિચાર ને એક આકાર હોય છે. બાહ્ય વસ્તુને ભૌતિક આકાર હોય છે. જ્યારે ભાવનાઓ અને વિચારો માનસ પ્રતિમા સર્જી પોતાનું રૂપ પ્રકટ કરે છે. બીજું આ બંને પ્રકારની વસ્તુઓને કોઈ નામ હોય છે. કોઈ શબ્દો દ્વારા તેને સંબોધવામાં આવે છે. તેને ઓળખવામાં આવે છે. તેથી ઈન્દ્રિયો અને મન દ્વારા મળતું જ્ઞાન નામ રૂપાત્મક છે એમ કહી શકાય.

આપણાં મનમાં આવી રીતે વિવિધ નામરૂપોનું ઘડતર થઈને વિલીન થતું હોય છે. સતત આ નામરૂપ ઘડતરની પ્રક્રિયા ચાલતી હોય છે. પણ કોઈ વખત આ પ્રક્રિયા ધીમી પડી જતાં એક નામરૂપના ઘડતરના વિલય બાદ અને બીજા નામરૂપના ઘડતર પહેલા આપણી ચેતનાની એક એવી અવસ્થા પ્રકટ થાય છે જે આ નામરૂપાત્મક પ્રક્રિયાથી તદ્દન મુક્ત હોય છે. ત્યાં ફક્ત શુદ્ધ અસ્તિત્વની સ્ફૂરણા કે સંવેદના હોય છે. આપણે જેને મન કહીએ છીએ તેની પાછળનું આ કોઈ અસ્તિત્વ હોય છે જે મનની પ્રક્રિયાને લીધે કાયમ ઢંકાયેલું જ રહે છે. પણ કોઈ વખત મનનાં વિચારો અને ભાવનાઓના ઉભરા શાંત થતા પશ્ચાતભૂમિમાં સાક્ષીભાવે રહેતી આવી ચેતના અચાનક પ્રકટ થાય છે. આપણી દિવ્ય - જીવન સાધનાનો આ આરંભ બિન્દુ ગણી શકાય. આવી શાંત, નિષ્ક્રિય અને સાક્ષી સ્વરૂપ ચેતનાને આપણે અભ્યાસથી વિકસાવીને આપણા જાગૃત મનમાં સભાન

રીતે કાયમી સ્વરૂપે ધારણ કરવાની છે. આને વ્યવહારુ ભાષામાં આપણે 'નીરવ મન' કહીએ છીએ. વેદાંત આને 'સહજપ્રજ્ઞા સ્વરૂપજ્ઞાન' તરીકે વર્ણવે છે. આ સહજપ્રજ્ઞાની મદદથી જ આપણે દિવ્ય - જીવનની સાધનાનો આરંભ કરવાનો છે. તે આપણા વલોવાતા મનની પાછળ કાયમ એક નિર્મળ શાંત વિશાલ આકાશ તરીકે રહેલી હોય છે. તેને વેદાંતીઓ ચિદાકાશ કહે છે. આ ચિદાકાશ પોતે પોતાની બાબતમાં સભાન હોય છે અને તે જ પદ્ધતિથી જ્ઞાન મેળવે છે તે પદ્ધતિને જ 'સહજપ્રજ્ઞા' કહે છે. સહજ પ્રજ્ઞાત્મક જ્ઞાન એટલે જ વિજ્ઞાનમય કોષે મેળવેલ જ્ઞાન. અર્થાત્ વિજ્ઞાન. તે ચૈત્યપુરુષનું પોતાના વિષયનું સ્વયંભૂ, સ્વયંસ્ફૂર્ત જ્ઞાન હોય છે. તે બ્રહ્મચેતનાનું જ અહં સ્ફૂરણાત્મક જ્ઞાન હોય છે. 'સો-હમ્'નું જ્ઞાન હોય છે.

વૈદિક અને ઉપનિષદનું જ્ઞાન આ પ્રકારનું સહજપ્રેરણા સ્વરૂપનું જ્ઞાન હતું. તેમાં બૌદ્ધિક વાદવિવાદ નહોતાં. જ્યારે આ સહજ પ્રેરણાનો યુગ અસ્ત પામ્યો અને બુદ્ધિપ્રધાન યુગ આવ્યો ત્યારે વેદો અને ઉપનિષદોના ઉદ્‌ગારોનો બૌદ્ધિક અર્થ લગાડીને દરેકે એક દર્શન ઊભુ કરવાનો પ્રયત્ન કર્યો. આમાંથી જ વિવિધ દર્શનોની રચના થઈ. તેમાં વેદાંત પ્રમુખ દર્શન રહ્યું જ્યારે ઇતર પાંચ ગૌણ દર્શન ગણાયા. તે બાદ બૌદ્ધ અને જૈન દર્શન તેમજ ચાર્વાક દર્શનનો સમાવેશ થયો. અંતે મધ્યયુગમાં વેદાંતમાં પણ અનેક જુદા જુદા પ્રવાહો નિર્માણ થયાં. શુદ્ધ દ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈતાદ્વૈત આ બધા જ વેદાંતની જ ઉપશાખાઓ ગણાઈ. આ બધામાં જ આંશિક રીતે થોડું થોડું સત્ય તો જળવાઈ જ રહ્યું છે. દિવ્ય જીવનના સાધકે મધુકર વૃત્તિથી તેમાંનું સારતત્ત્વ સ્વીકારી પોતાની સહજપ્રજ્ઞાને પોષવાની છે. જેથી વૈદિક અને ઉપનિષદોના ઋષિઓના કથનનો સાચો અર્થ સમજી શકે અને તે બાદ તે સમજણને આજનાં માનસશાસ્ત્રીય શબ્દોમાં યથાર્થ રીતે પ્રકટ કરવાનો અભિનવ પ્રયત્ન કરવાનો છે. આથી સહજપ્રજ્ઞાની ખંડિત પરંપરાનો આપને પૂરેપૂરો વારસો મળી રહેશે અને તેટલા પ્રમાણમાં આપણી દિવ્ય-જીવનની સાધના વધારે સુરક્ષિત અને સુલભ બની શકશે.

આ વારસા સાથે આપણે દિવ્ય-જીવનને આરાધવાનું છે અને સહજ પ્રજ્ઞાને આપણો સાચો રાહબર ગણવાનો છે. (ક્રમશઃ)

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

# માતાજીની શારીરિક-ચેતનાની અનુભૂતિઓ

(માતૃવાણી ભા.-૧૫, પૃ.૨૩૩ - ૨૩૯)

પ્રકરણ - ૪૬

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ કરુણા અને કૃતજ્ઞતા ચૈત્યપુરુષ જીવનમાં સક્રિય થાય ત્યારે જ અનુભવાય છે, પરંતુ પ્રાણ અને સ્થૂલ-શારીરિક તેને નબળાઇ ગણે છે; કારણ તેઓ તેમના અભિવ્યક્તિ ઉપર નિયંત્રણ લાવે છે. અપૂરતા શિક્ષણવાળું મન, પ્રાણ અને સ્થૂળ - શારીરિકનું ગુલામ બની જાય છે. ચૈતસિક-ગતિઓ શરૂ થતાં મન તેને પ્રથમ વિકૃત કરી નાખે છે. કરુણાને માનવી-દયામાં અને કૃતજ્ઞતાને બદલામાં આપવાની માનવી-ઇચ્છામાં ફેરવી નાખે છે અને અહંકાર તેમને પ્રસંશા મેળવવામાં વાપરે છે.

ચૈતસિક-ભૂમિકામાં કરુણા સ્વરૂપના દરેક કક્ષાએ મદદ કરવા તત્પર હોય છે. તે દિવ્ય-હાજરી અને પ્રભુકૃપા પ્રત્યે કૃતજ્ઞ રહે છે, તેથી તેને એક પ્રકારની ઓજસયુક્ત વિશુદ્ધિ પ્રાપ્ત થાય છે. તે કરુણામાં અનુગ્રહ અને કૃતજ્ઞતામાં લઘુતાગ્રંથીની ભેળસેળ થવા દેતી નથી.પૃ.૨૩૩

૨ ભૌતિક-જગતમાં પ્રભુ હાલ જે રીતના છે તે રૂપ સાથે નહિ પણ જેવા બનવા માંગે છે તેવા વિશુદ્ધરૂપ સાથે સાધકે એકરૂપ થવું જોઇએ. પૃ.૨૩૩-૨૩૪

૩ પ્રભુના અસ્તિત્વનો અને તેની પ્રગતિશીલ અભિવ્યક્તિનો સ્વીકાર અને અસ્વીકાર બન્ને આંશિક સત્યો માત્ર છે. વ્યક્તિ સ્વીકાર-અસ્વીકારથી પર જાય છે, ત્યારે જ સંપૂર્ણ સત્ય, જેમાં સક્રિય-નિષ્ક્રિય પાસાંરૂપ

ઉપરની બન્ને વસ્તુ છે, તેને પ્રાપ્ત થઈ શકે છે.

૪ સાધકના બે આંશિક સત્યનાં વલણો પણ હોય છે : (૧) પ્રભુના સંકલ્પથી જ બધું થાય છે. (૨) જગત પ્રભુનાં આવિર્ભાવ-પ્રક્રિયાનો વિરોધ કરી તેને વિકૃત બનાવી મૂકે છે.

પહેલા વલણમાં બધું જ શાંતિથી સ્વીકારવામાં આવે છે, જ્યારે બીજામાં તે સ્વીકારવામાં નથી આવતું. પણ જે બનવું જોઇએ તે માટે સંગ્રામ ખેડવામાં આવે છે. સંપૂર્ણ સત્યમય જીવનમાં બન્ને વિરોધી-વલણોથી ઉપર ઊઠીને તેમનો સમન્વય કરવો પડે છે. પૃ. ૨૩૫

૫ તમારી માન્યતા તમારી ચેતનાનો વિકાસ કરે તો તે ચાલુ રાખો. જ્યારે નિરુપયોગી બને ત્યારે ત્યાગ માત્ર કરવો યોગ્ય છે તે ધ્યાનમાં રાખો. અન્યોની અલગ-માન્યતાઓનો તેથી વિરોધ ન કરો.

૬ ફક્ત સહનશીલ બનવું અધૂરું છે. તેમાં પોતાના ધ્યેય પ્રત્યેની ગતિ જરૂર હોય છે પણ તેની સાથે તે સંજોગો અને વસ્તુની સાચી સમજણ પણ મેળવી લેવી જરૂરી છે. તે ભાવિ પ્રગતિ માટે જરૂરી છે. પૃ. ૨૩૫

૭ સત્ય એક સીધી લીટીમાં વિકસતું નથી પણ એકીસાથે બધી જ દિશામાં વિકસીને વિશાળતા ધારણ કરે છે, તેથી તેને શબ્દોમાં વર્ણવવું મુશ્કેલ જાય છે. કારણ શબ્દો ફક્ત એક દિશાનો જ વિકાસ એક વખતે વર્ણવી શકે છે પણ સમગ્ર સત્યને એકીસાથે જીવી શકાય છે. પૃ. ૨૩૫

૮ બધાં જ અંગત પ્રત્યાઘાતોની ગેરહાજરી, તટસ્થતા અને ઉદાસીનતા સત્ય સાથે એકરૂપ થવાની પ્રાથમિક શરત છે. તો જ તાદાત્મ્ય દ્વારા જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. તેમાં અંગત-સંબંધ અને વલણ ગેરહાજર હોય છે. પૃ,. ૨૩૬

૯ કોઇ દેવે પૃથ્વીનું રૂપાંતર કરવા કે નવીન-જગતની રચના કરવા શરીર ધારણ કરેલું હોય તો તે પૂરેપૂરો પરિણામ હાંસલ કરતાં પહેલાં જ તેને દેહત્યાગ કરવો પડ્યો છે અને દર વખતે તેનું કારણ એ દર્શાવેલું હોય છે કે પૃથ્વી રૂપાંતર સ્વીકારવા તૈયાર નહોતી અને માનવીઓએ પૂરતી

ગ્રહણશીલતા અને સહકાર ન આપ્યો.

પણ ક્રમિક વિકાસમાં જગત અને અવતારે પરસ્પરના પૂરક બનવું અનિવાર્ય છે, તેથી અવતાર સહેતુક પૃથ્વી કરતાં થોડીક વધુ જરૂરી પૂર્ણતા જ ધારણ કરીને આવે છે અને પૃથ્વીને તેટલો જ વિકાસ કરાવે છે. તેમાં તેને તેની પોતાની ચેતનાથી નિમ્નકક્ષા ધરાવતી પૃથ્વીને અને માનવજાતને ઊર્ધ્વારોહણ કરાવવામાં તીવ્ર સંઘર્ષ કરવો પડે છે, કારણ તે ધીમું હોય છે. તે માટે તેને પોતાના શરીરમાં જ જરૂરી ફેરફાર કરવો પડે છે. આ એક રીતે માનવજાતની ઉત્ક્રાંતિસ્વરૂપ હોય છે. આમ, પૃથ્વીનું રૂપાંતર અને માનવજાતિનો વિકાસ બન્ને એકબીજાની પૂરક વસ્તુઓ છે. પૃ.૨૩૬

૧૦ માણસને એમ લાગે છે કે ભૂતકાળમાં અમુક સંજોગો હોત તો તે વધુ ઝડપથી વિકાસ કરી શકત.

પરંતુ વિકાસમાં વર્તમાનમાં જે પૂર્ણસત્ય લાગતું હોય તે ભવિષ્યકાળમાં આંશિક સત્ય લાગે છે, તેથી અનુભૂતિને કારણે જ તેને ઉપર મુજબની સંવેદના જાગે છે. બીજા શબ્દોમાં કહીએ તો જે કાર્ય જે વખતે થાય છે તે તે વખતે જરૂરી હતું. આજે તેની જરૂર નથી. પૃ.૨૩૭

૧૧ રૂપાંતર એટલે કાંઈક એવું બનશે જેથી બધું સારું થઇ જશે, બધી સમસ્યાઓનો ઉકેલ આવશે. પણ આ એક છાપમાત્ર છે, વાસ્તવિકતા નથી. સંપૂર્ણ રૂપાંતરમાં કેવાં ફેરફારો થશે, કેવી ગતિઓ નિર્માણ થશે; એ બાબત કાંઇ નિશ્ચિત કહી શકાતું નથી.

છતાં નીચેની બાબતો થશે :

(૧) અતિમનસ-પ્રકાશમાં શારીરિક-ચેતનાનું રૂપાંતર (૨) તેથી શારીરિક કાર્યો અને ગતિઓ ઉપર સ્વામિત્વ (૩) અંગો અને ઇન્દ્રિયોનાં બંધારણમાં ફેરફાર (૪) ઇન્દ્રિયોને સ્થાને શક્તિ-કેન્દ્રો.

છતાં આ બધા અંદાજ અને ખ્યાલો જ છે. જ્યારે પ્રક્રિયા અંતિમ કક્ષાએ પહોંચશે ત્યારે જ સાચી વાસ્તવિકતા જાણવા મળશે. પૃ.૨૩૭-૨૩૮

૧૨ અતિમનસ શરીરમાં લિંગ-ભેદ નહિ હોય, કારણ હાલની પુત્રોત્પત્તિની પ્રક્રિયા પડતી મૂકી દીધેલી હશે, તેથી લિંગ અને સ્તન જેવા અવયવો લુપ્ત થશે. પૃ.૨૩૮

૧૩ આધુનિક વિજ્ઞાને જેમ ભૂતકાળની માન્યતાઓને ભ્રમણા ગણી ત્યાગી તેમ નૂતન-અધ્યાત્મ પુરાતન-અધ્યાત્મનો સિદ્ધાંત કે જગત અને શરીર ભ્રમ છે અને દિવ્ય નથી તે ભ્રમ ત્યાગશે. પૃ.૨૩૮

૧૪ સાધના બાબતના અનુભૂતિઓના બે છેડા છે : (૧) પ્રભુ, તારા લાયક બનવા માટે પૂરેપૂરી નમ્રતા ધારણ કરવી પડે છે અને છતાં તેમાં પોતાની હીનતાનો ભાવ હોતો નથી. (૨) પ્રભુ, તારે લાયક બનવાથી લોકો તેને મહાન અને દિવ્ય કહે છે અને છતાં તેને પોતાની અપૂર્ણતાનું ભાન હોય છે.

બન્ને પ્રકારોમાં અંતે, પ્રભુ સાથે એકરૂપતા જરૂરિયાત ભાસે છે.

આ બન્ને અનુભવો એકીસાથે થાય છે. બન્ને અનુભૂતિ એકબીજાની પૂરક છે. બન્ને પ્રભુ સાથેના તાદાત્મ્યની તીવ્ર ઝંખના જગાડે છે. તેના જવાબ તરીકે શારીરિક - કોષોમાં પ્રભુની હાજરી અને પ્રકાશ અનુભવાય છે. વ્યક્તિને પોતે રંગબેરંગી-પ્રકાશિત ટપકાંઓનું કેલિડિઓસ્કોપ છે એમ લાગે છે અને તે પ્રકાશમય - સ્ફુલિંગોનું સંચાલન પ્રભુ કરે છે એવો અનુભવ આવે છે.

## રાજકોટ કેન્દ્રનો સ્થાપનાદિન (૬ જુલાઈ- ૧૯૮૪) સાધનાલક્ષી કાર્યક્રમ

**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટના સ્થાપના દિન નિમિત્તે નીચેનો સાધનાલક્ષી કાર્યક્રમ રાખેલ છે. સાધકભાઈ બહેનોને સહભાગી થવા હાર્દિક આમંત્રણ છે.**

તારીખ : ૬ અને ૭ જુલાઈ ૨૦૧૪ સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦
સાંજે ૬.૦૦ થી ૮.૦૦

સ્થળ : **મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર,**
૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવાડ રોડ, રાજકોટ

વક્તા : શ્રી કૈવલ્યભાઈ સ્માર્ત

વિષય : સાવિત્રીમાંથી પસંદ કરેલી પંક્તિઓનો સ્વાધ્યાય - **ટ્રસ્ટીશ્રીઓ**

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

# વ્યક્તિ ચેતનાનો વિકાસ

પ્રકરણ-૧૩૭

(Savitri B-1, C-4, P-64-65)

His soul is a subtle atom in a mass.
His substance a material for her works.
His spirit survives amid the death of things,
He climbs to eternity through being's gaps.
He is carried by her from Night to deathless Light.
This grand surrender is his free-will's gift.
His pure transcendent force submits to hers.

આવી રીતે જગન્માતા પુરુષની સનાતનતા તેને પ્રાપ્ત થાય માટે બાહ્ય અને આંતર પરિસ્થિતિઓ નિર્માણ કરીને તેને સંઘર્ષ અને સહકાર દ્વારા વિકસાવતી હોય છે. તેનો આત્મા જાણે જગન્માતાની દૃષ્ટિએ નવરચનામાં વપરાતા માલમાંનો એક સૂક્ષ્મ અણુ જેવો લાગે છે (atom in a mass) અને તેના સ્વરૂપમાંનાં બધાં તત્ત્વો, જેમને ઘડવાનાં છે તેવો સમગ્ર માલનો જથ્થો અથવા પિંડ લાગે છે. આ તત્ત્વો મૃત્યુ વખતે ત્યાગવામાં આવે છે પણ તેનો આત્મા જન્મોજન્મ તે જ હોય છે. તે વિકાસ પામે છે પણ તેને બદલે બીજો ત્યાં ગોઠવાતો નથી. આવી રીતે દરેક જન્મે અનુભવથી તે વિકસે છે. મૃત્યુબાદ તે અનુભવોનો નિચોડ પોતે ભેગો કરી લે છે અને ફરી જન્મ લે છે. આમ, દરેક જીવન પછી મૃત્યુ અને ફરી જીવન એવો તેનો વિકાસ ચાલતો હોય છે. (being's gaps) તેના અખંડ જીવન - પ્રવાહમાં ભૌતિક - જીવન વગરનાં અવકાશો પણ હોય છે. આવી રીતે અચિત્‌ની અંધાર - રાત્રીમાંથી તેને અમર સનાતન પ્રકાશ તરફ દોરી

જવામાં આવે છે. (deathless Light) પુરુષનું આ સમર્પણ સ્વૈચ્છિક હોય છે (free-will's gift) તેની ચેતનામાં રહેલ શુદ્ધ વિશ્વાતીત પરમ ચેતના - શક્તિ, ચિત્ - શક્તિ (transcendent) જગન્માતાના આયોજનને સહર્ષ સ્વીકારી લે છે. તે આયોજન અનુસાર વિકસે છે. તે મુજબ જ કાર્ય કરે છે.

In the mystery of her cosmic ignorance.
In the insoluble riddle of her play.
A creature made of perishable stuff.
In the pattern she has set for him he moves.
He thinks with her thoughts, with her trouble his bosom heaves;
He seems the thing that she would have him seem,
He is whatever her artist will can make.

આ જગન્માતાનું જે વૈશ્વિક આયોજન છે તેને સમગ્રરીતે, સર્વ વિગતો સાથે જાણવું જ અશક્ય છે, તેથી તે એક વણઉકેલ્યા કોયડા જેવું (insoluble riddle) લાગે છે. જગન્માતા વ્યક્તિ-ચેતનાને જે જરૂરી છે તેટલું જ જ્ઞાન આપે છે. સમગ્રજ્ઞાનનો બોજો તે ઝીલી શકે એમ નથી હોતો. સમગ્રજ્ઞાન આપતી નથી એ જ જગન્માતાની કૃપા છે.

સમગ્રજ્ઞાન તે ઝીલી શકતો નથી કારણ તેણે પોતાના વિકાસ માટે જે મન, પ્રાણ, શરીરરૂપી તત્ત્વો ધારણ કરેલાં હોય છે તે અશુદ્ધ હોય છે અને તેમની અશુદ્ધિ જ તેમના વિનાશનું કારણ બને છે (perishable) જગન્માતાને તો વ્યક્તિ - ચેતનાને, ચૈત્ય પુરુષને પ્રભુના સંકલ્પાનુસાર વિશિષ્ટ સ્વરૂપે જ પ્રગટ કરવો છે. જગન્માતાનું આયોજન તે સ્વરૂપનું જ હોય છે (pattern) અને તેણે તે (micro planning)મુજબ વિકસવાનું હોય છે. (he moves) જગન્માતા જે વિચારો તેમાં વાવે છે તે મુજબ જ તે વિચારવાનો પ્રયત્ન કરે છે અર્થાત્ અજ્ઞાનવશ તેમાં વિકૃતિઓ પ્રવેશે છે જ - આ વિકૃતિઓને હઠાવવા તેને પોતાને સમજણ ન હોવાથી - જગન્માતા તેની આસપાસ વિપરીત પરિસ્થિતિ (troubles) નિર્માણ કરી તે તરફ તેનું ધ્યાન ખેંચે છે અને તેને પોતાની નબળાઈઓમાંથી ઉપર ઊઠવા ધકેલે છે. આ સમગ્રપ્રક્રિયા દરમિયાન તે

સાધકનું હૃદય (bosom) દુઃખના ભાર નીચે નિઃશાસા મૂકે છે (heaves) જગન્માતા જગતને જે રીતે અનુભવતા શીખવવા માગે છે તે રીતે તે જગતને અનુભવે ત્યાં સુધી આ દબાણ હઠાવી લેવામાં આવતું નથી (she would have him seem) જગન્માતા તેમાં આત્મદૃષ્ટિ ખીલવવા માંગે છે. બધું પ્રભુસ્વરૂપ જ છે એ દર્શન કરાવવા માંગે છે. અને જ્યાં સુધી આ કઠોર શિક્ષણ આપવાનું બંધ કરાતું નથી, જગન્માતાની સર્જનશક્તિ (her artist) વેદોની ભાષામાં 'ત્વષ્ટા' અને પુરાણોની ભાષામાં 'વિધાતા' જે રીતે તેને કંડારવા માગે છે તે રીતે તે કંડારીને પૂરું ન કરે ત્યાં સુધી આ ટ્રેનિંગ ચાલતી જ રહે છે. (આ ટ્રેનિંગ પૂરી કરવાનો એક જ ઉપાય છે. સભાન રીતે સતત આત્મદૃષ્ટિ ખીલવવાનો પ્રયત્ન કરવો) આ જન્મમાંનો આ ટ્રેનિંગનો ભાગ પૂરો થઈ જાય છે, આ જન્મનું સેમેસ્ટર પૂરું થાય એટલે તેને માટે મૃત્યુ પછીનું વેકેશન શરૂ થાય છે.

Although she drives him on her fancy's roads,
A' play with him as with her child or slave,
To freedom and the Eternal's mastery
And immortality's stand above the world,
She moves her seeming puppet of an hour.

જગન્માતા પોતાના આયોજન (on her fancy's roads) મુજબ વ્યક્તિને જીવનના સંજોગો નિર્માણ કરીને ચેતનાનાં વિકાસ માટે આગળ ધકેલતી જ જાય છે. અને આ તેની વૈશ્વિક રમત હોય છે. પણ સાધનાને ગંભીર રીતે લેતા યોગી માટે તે જગન્માતાની પોતાના બાળક સાથેની લીલા બની જાય છે (as child) અને અજ્ઞાની માટે તો તે સંજોગવશાત્ માન્ય કરેલી ગુલામી (as slave) લાગે છે. પણ વાસ્તવિકતા એ છે કે જગન્માતા તો બધાં જ આવા બંધનોથી મુક્ત હોય છે (freedom) અને તે ફક્ત સનાતન પ્રભુનો આદેશ જ (Eternal's mastery) માનતાં હોય છે. કારણ તેઓ પ્રભુથી જુદાં નથી. અદિતિ જ છે. આ પ્રભુરૂપ અમર તત્ત્વ (immortality's) જગતની આ બધી જ ઘટનાઓથી અલિપ્ત અને ઊર્ધ્વમાં રહી (above the world) તેનું સંચાલન કરતો હોય છે. આ ભાવથી જોઈએ વ્યક્તિઓ તો તેને મન રમકડાં જેવા જ હોય છે. તે પોતે જાણે

(અનુ. પૃ. ૨૧ ઉપર)

# ચૈત્યપુરુષની સાધનામાં ભૂમિકા

(ભાગ.૧, પૃ.૩૨૩-૩૩૧))

પ્રકરણ - ૧૩

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ અતિમનસ એ ઋત્-ચેતના છે. તેની નીચે અધિમનસ આવેલું છે, જે તત્ત્વ પરમાત્માની શક્તિઓને ગ્રહણ કરે છે અને તેમને છૂટી પાડવા માટેનું કાર્ય કરે છે. તે દરેક શક્તિ પોતાના હક પ્રમાણે કાર્ય કરે છે. પૃ.૩૩૧

૨ અચિત્રૂપ બનેલી છે તે ચેતનામાંથી ચેતના ફરીથી પ્રગટ થાય છે અને ઊર્ધ્વારોહણ કરે છે..... ઊર્ધ્વતર પ્રદેશો (અંતપ્રજ્ઞા, અધિમનસ અને અતિમનસ) તરફ ખુલ્લું કરી પહોંચાડે છે. પૃ.૩૩૨

૩ ચૈત્યપુરુષે દરેક ભૂમિકા ઉપર કાર્ય કરવાનું છે. પૃ.૩૩૨

૪ દરેક આત્મા વિકાસ પામેલો અને સક્રિય હોતો નથી. પૃ.૩૩૨

૫ યોગની સાધના કર્યા સિવાય સીધેસીધો પરમાત્મા પ્રત્યે વળતો નથી. લાંબા સમય સુધી તે પરમાત્માની શોધ..... માનવીઓ અને વસ્તુઓ દ્વારા કરે છે. પૃ.૩૩૨

૬ ચૈત્યપુરુષ તેમની (મલિન પ્રકૃતિનાં તત્ત્વો) મારફતે બની શકે એટલી સારી રીતે કાર્ય કરે છે; પરંતુ અવિદ્યાના નિયમો પ્રમાણે જ. પૃ.૩૩૩

૭ આત્મા (ચૈત્યપુરુષ) સાથે બુરખાધારી પરમાત્મા-(ઋષિકેશ) કાયમ હોય છે. પૃ.૩૩૩

૮ ચૈત્યપુરુષ અને હૃદયમાં રહેલી પરમાત્માની હાજરી ભિન્ન વસ્તુઓ છે. પૃ.૩૩૩

૯ ચૈત્યપુરુષનો સાધના માટેનો ફાળો : (૧) પ્રેમ અને ભક્તિ (૨) અંતઃકરણમાં શ્રી માતાજીની હાજરી (સ્પર્શ) (૩) અંદરથી આવતું અચૂક

માર્ગદર્શન (૪) મન, પ્રાણ, શારીરિક ચેતનાને ચૈતસિક-પ્રભાવ..... નીચે મૂકવા (૫) નિમ્નચેતનાને આધ્યાત્મિક-ચેતના પ્રત્યે ખુલ્લી કરવી.

*****

અતિમનસને જ ઋત્-ચેતના કહે છે. આ ઋત્-ચેતનામાં પ્રભુનો સમગ્ર સંકલ્પ ધારણ કરેલો હોય છે. તેનાં વિવિધ અંગો-ઉપાંગો પૂર્ણ સમન્વયમાં એકરૂપ થઈને રહેલાં હોય છે.

આ અતિમનસમાંના ઋતમ્‌ને જ્યારે તેની નીચેનું જ સંલગ્ન અધિમનસ ઝીલે છે ત્યારે તે ઋતમ્‌ના વિવિધ પાસાંઓનું જાણે વિશ્લેષણ કરે છે અને તેમને જુદાં જુદાં પાડવાનું કાર્ય કરે છે,જેથી પ્રભુનો મૂળ સંકલ્પ સર્વાંગપૂર્ણ રીતે પરિપૂર્ણ કરતા આવે. હજી આ પાસા એકબીજાથી સંવાદમાં જ રહેતા હોવા છતાં પોતાની અલગતા અને ભિન્નતાની સભાનતા કેળવતાં થાય છે. હવે દરેક પાસું પોતાની જન્મજાત ક્ષમતાને એક સ્વતંત્ર શક્તિ તરીકે વિકસાવે છે. આમ, વૈશ્વિક-શક્તિઓ સ્વરૂપ દેવતાઈ જગત રચાય છે આને જ અધિમનસ કહે છે. મનને ભેદ કરીને જાણવાની ટેવ છે. તે જ ટેવ અહીં પણ દેખાતી હોવાથી શ્રી અરવિન્દ તેને મનસ્‌નો ઊર્ધ્વમાંનો સર્વશ્રેષ્ઠ સીમાંત ભાગ ગણે છે. હવે દરેક વિશ્વ-શક્તિ પોતે સ્વતંત્ર રીતે પોતાની શક્તિઓ પ્રભુના સંકલ્પને સાકાર કરવા, અર્થાત્ જગત નિર્માણ કરવા વાપરવા માંડે છે.

પરમાત્માતત્ત્વ પણ આ સ્તરે તે મુજબ વિભાજીત થતું લાગે છે વિશ્વ-શક્તિઓ એ પરમાત્માની જ શક્તિઓ હોય છે. જગત બનનાર પરમાત્મતત્ત્વ પ્રકૃતિનું રૂપ ધારણ કરે છે અને જીવનું વિશિષ્ટરૂપ ધારણ કરવા પ્રવૃત્ત બનેલું પરમાત્મતત્ત્વ જીવાત્મા તરીકે પ્રગટ થાય છે. વિશ્વશક્તિઓ વિશ્વપ્રકૃતિની ક્ષમતાઓ તરીકે પ્રગટ થાય છે. આમ, પુરુષ અને પ્રકૃતિરૂપે દ્વિદલ ચેતના પરમાત્મામાંથી જ પ્રગટ થાય છે. આ દ્વિદલ ચેતના હોય છે પણ શરૂઆતમાં નીચે વધારે ને વધારે અવતરણ પામી અનંતરૂપે વિભાજીત થવા માંડે છે, તેમ તેમ તે પોતાની મૂળ એકતાનું ભાન ગુમાવતી જાય છે. વિભાજનને મજબૂત કરનાર અહંકાર વધારે ને વધારે મજબૂત થતો જાય છે. જડતત્ત્વમાં તો તે સંપૂર્ણ અચિત્ સ્વરૂપે ફેરવાઈ જાય છે. ત્યાંથી પરત ફરવાનો પ્રવાસ થાય છે જેને ઉત્ક્રાંતિ કહેવાય છે. તેમાંથી પ્રાણ, મન વગેરે ક્રમશઃ વિકાસ પામી અંતઃપ્રજ્ઞા, અધિમનસ અને અતિમનસનાં તબક્કાઓ વટાવી ફરી પરમ-ચેતના સ્વરૂપે

એકરૂપ બની જાય છે.

આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન ચૈત્યપુરુષ અશુદ્ધપ્રકૃતિ દ્વારા પોતાને પ્રગટ કરવા પ્રયત્ન કરે છે પણ તે પ્રકૃતિના નિયમાનુસાર જ. લાંબા કાળ સુધી તો તે પોતાને પ્રકટ જ કરી શકતો ન હોવાથી સક્રિય રહી શકતો નથી. પરંતુ આ દરમિયાન પણ તે વૈશ્વિક-ચેતના સાથે સંપર્કમાં હોય છે. આ સંપર્ક વૈશ્વિક દિવ્ય-શક્તિઓ દ્વારા થતો હોય છે. તે શક્તિઓની મદદથી તે પોતાનું કાર્ય કરવા સમર્થ બનતો હોય છે.

આ ચૈત્યપુરુષ જ ઉપર જણાવેલી ઉત્ક્રાંતિની પ્રક્રિયા દરમિયાન નીચે મુજબનો ફાળો સાધનામાં આપે છે :

૧. પ્રભુપ્રેમ અને પ્રભુભક્તિને પ્રગટ કરવી. આ પ્રેમ અને ભક્તિ શુદ્ધ અને બિનશરતી સમર્પણ સ્વરૂપની હોય છે, તે સ્વયંભૂ હોય છે.

૨ તેને કારણે પ્રભુની અથવા જગન્માતાની હાજરી અંતઃકરણમાં અનુભવવી.

૩ મન, પ્રાણ, શરીરમાં ઊર્ધ્વચેતનાનાં અવતરણ માટે સાચું વલણ પ્રસ્થાપિત કરવું.

૪ નિમ્નચેતનાને ઊર્વચેતના પ્રત્યે ખુલ્લી કરવી.

૫ મન, પ્રાણ, શરીરને પોતાના ચૈતસિક-પ્રભાવ નીચે લાવી તેમનું રૂપાંતર કરવું.

મનોમયપુરુષ કે પ્રાણમયપુરુષનાં સંકલ્પબળે પ્રકૃતિને ઊર્ધ્વગામી કરી શકાય છે, પણ તેનાં પરિણામો સારા જ આવે તેની ખાતરી હોતી નથી. તે જોખમી પણ બની શકે છે.

ચેતના પોતાની મેળે મસ્તકના ઉપરનાં કેન્દ્રમાં સ્થિર થઈ વિદેહાવસ્થા નિર્માણ પણ થઈ શકે છે. તે દ્વારા થતું કાર્ય વધુ સુરક્ષિત અને ઓછું જોખમી હોય છે, પણ તે કાર્ય સહજ રીતે થવું જરૂરી છે.

ઘણી વખત આ ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં કામનામય પુરુષ જેને તૈતરીય ઉપનિષદ પ્રાણમયપુરુષ કહે છે તેનું શાસન જ વ્યક્તિના પ્રકૃતિ ઉપર વધુ પડતું હોય છે. તેથી તે વ્યક્તિ પોતાના પ્રાણમયપુરુષને જ ભૂલથી આત્મતત્ત્વ સમજી બેસે છે, પણ આ મોટી ભૂલ છે. જીવાત્મા તો ઊર્ધ્વમાં મસ્તકની ઉપર રહેલું આત્મતત્ત્વ છે. તેને કામનાઓ, અહંકાર કે અજ્ઞાન સ્પર્શી પણ શકતા નથી. તે

જીવાત્માનો વિશ્વાત્મા તરીકે બધાંમાં રહેલ આત્મતત્ત્વ તરીકે પણ સાક્ષાત્કાર થાય છે, ત્યારે તેને 'દિવ્યપુરુષ' કહેવામાં આવે છે અથવા પરમાત્મા તરીકે ઓળખાય છે.

પ્રાણમયપુરુષને આત્માની એક દિવ્ય-અભિવ્યક્તિ તરીકે બનાવવાનો છે.

પ્રાણમયપુરુષ અને અહંકાર પણ એક જ તત્ત્વ નથી. અહંકાર મનોમય, પ્રાણમય અને શારીરિક ત્રણે સ્વરૂપનો હોય છે. કામનામય પુરુષ અહંકારના એક પાસા જેવો છે. અહંકારમાં વ્યક્તિ મન, પ્રાણ, શરીર સાથે એકરૂપ થાય છે. અવચેતન અને અચેતનના પ્રભાવ નીચે રહે છે અને તેથી ચૈત્યપુરુષ બાબત તદ્દન અજ્ઞાન ધરાવે છે.

આમ ચૈત્યપુરુષ, મનોમયપુરુષ, પ્રાણમયપુરુષ, પાર્થિવપુરુષ આ બધા જ જીવાત્માની વિવિધ કક્ષાની અભિવ્યક્તિ સ્વરૂપ છે અથવા પ્રક્ષેપ સ્વરૂપ છે. પણ આ બધાંનું સત્ય ત્યારે જ વ્યક્તિ જાણી શકે છે, જ્યારે તે આંતર-સ્વરૂપમાં પ્રવેશી ત્યાં સ્થિર થતાં શીખે છે, કારણ આ બધાંનાં શુદ્ધ સ્વરૂપો અને તેમનાં દિવ્ય-કાર્યોની સમજણ ત્યારે જ આવે છે. ચેતનાની સપાટી ઉપર રહેતા રહેતા આ સત્ય સમજવું મુશ્કેલ જાય છે.

## સાવિત્રી

(પૃ.૧૭ ઉપરથી)

ઢીંગલીઓને રમાડતા સૂત્રધાર જેવો બની જાય છે. પણ આ દર્શન એક અર્ધસત્ય છે (seeming puppet) કારણ ખરેખર તો આ બધી વ્યક્તિઓ એ પ્રભુથી સ્વતંત્ર નથી પણ પ્રભુએ જ લીધેલાં અનંતરૂપો છે. પ્રભુ પોતે જ આ બધી પ્રક્રિયાઓમાંથી સ્વેચ્છાએ પોતાને પસાર કરી રહ્યા હોય છે. અજ્ઞાની વ્યક્તિ તરીકે એ ઢીંગલી જેવો પરતંત્ર જ છે. પણ આત્મતત્ત્વ તરીકે તે સ્વતંત્ર જ છે. અજ્ઞાન હોય તો પ્રારબ્ધાનુસાર ભોગવવું જ પડે છે. જ્ઞાનીને પ્રારબ્ધ એ જીવનનાં શિક્ષણની એક પ્રક્રિયારૂપ લાગે છે, જે પોતે સ્વેચ્છાએ સ્વીકારેલ છે. તે તેનો સાચો પુરુષાર્થ બની જાય છે. આમ, પ્રારબ્ધ અને પુરુષાર્થ બે વિરોધી વસ્તુઓ નથી, પણ એક જ વસ્તુ બાબતના બે દૃષ્ટિકોણ અને સમજણ છે - એક અજ્ઞાનમય, બીજી જ્ઞાનમય.અજ્ઞાની વ્યક્તિ કાળના પ્રવાહમાં તણાતો હોય છે. જ્ઞાની કાળના પ્રવાહમાં વિકસતો હોય છે.

# ઉપનિષદો - શ્રી અરવિન્દ

## (૨) કેનોપનિષદ

(ઉપનિષદો, પૃ.૧૦૧-૧૧૦)

વિભાગ ત્રીજો

(૧)

**બ્રહ્મ હ દેવેભ્યો વિજિગ્યે તસ્ય હ બ્રહ્મણો વિજયે દેવા અમહીયંત।**

**તે અક્ષન્તાસ્માકમેવાયં વિજયોડસ્મા કમેવાયં મહિમેતિ ॥૧॥**

બ્રહ્મતત્ત્વે દેવોને વિજય અપાવ્યો (બ્રહ્મહદેવેભ્યો વિજિગ્યે) બ્રહ્મતત્ત્વના તે વિજય મેળવી આપવાથી (તસ્ય હ બ્રહ્મણો વિજયે) દેવોને મહાનતા પ્રાપ્ત થઈ (દેવા અમહીયંત) પણ દેવોને લાગ્યું (ત ઐક્ષન્ત) અમારો જ આ વિજય છે અમારી જ આ મહાનતા છે (અસ્માકમેવાયં વિજયો અસ્માકમેવાયં મહિમેતિ)

(૨)

**તદ્વૈષાં વિજજ્ઞૌ તેભ્યો હ પ્રાદુર્બભૂવ તન્ન ન વ્યજાનત કિમિદં યક્ષમિતિ ॥**

બ્રહ્મતત્ત્વે તેમનાં વિચાર જાણી લીધાં (તદ્વૈષાં વિજજ્ઞૌ) અને તેમની સામે પ્રગટ થયું (તેભ્યો હ પ્રાદુર્બભૂવ) પણ તે દેવો આ યજ્ઞ કોણ છે તે જાણી શક્યા નહિ (તન્ન વ્યજાતન કિમિદં યક્ષમિતિ)

(૩)

**તેડગ્નિમબ્રુવન્ જાતવેદ એતદ્વિજાનીહિ કિમેતદ્વક્ષમિતિ તથેતિ।**

તે દેવોએ અગ્નિને કહ્યું, ''તમે જન્મેલાં બધાંને જાણો છો (તેડગ્નિમબ્રુવન્ જાતવેદ) આ શું તે જાણી આવો (એતદ્વિજાનીહિ) આ યક્ષ કોણ છે. (કિમેતદ્યક્ષમિતિ) તે અગ્નિએ કહ્યું, ''ભલે'' (તથેતિ)

(૪)

**તદભ્યદ્રવત્તમભ્યવદડસીત્યગ્નિર્વા અહસ્મીત્ય બ્રવીજજાતવેદા વા અહસ્મીતિ।**

તે બ્રહ્મતત્ત્વ તરફ દોડ્યો (તદભ્યદ્રવત્) અને બ્રહ્મતત્ત્વે તેમને કહ્યું, તમે કોણ છો ? (તમ્ અભ્યવદત્ કોસીતિ) તેણે કહ્યું, હું અગ્નિ છું (અગ્નિર્વા અહમ્સ્મિતિ) હું જાતવેદ છું (જાતવેદા વા અહમસ્મીતિ)

(૫)

**તસ્મિન્ત્વયિ કિં વીર્યમિયપીદમ્ સર્વં દહેયં યદિદં પૃથિવ્યામિતિ ॥**

આવા તમે છો તો તમારી ક્ષમતા શું છે તે કહો. (તસ્મિનત્વયિ કિં વીર્યંમિત્યપીદમ્) હું આ બધું જ બાળીને ભસ્મ કરી નાખું છું (સર્વં દહેયં) જો તે પાર્થિવતત્ત્વનું બનેલું હોય તો (યદિહં પૃથિવ્યામિતિ)

(૬)

**તસ્મૈ તૃણં નિદધાવેતદહેતિ તુપપ્રેયાય સર્વજવેન તન્ન શશાક ।**

દગ્ધું સતત એવ નિવવૃતે નૈતદશકં વિજ્ઞાતું યદેતદ્યક્ષમિતિ ॥

બ્રહ્મતત્ત્વે તેની સામે ઘાંસનું તણખલું મૂક્યું (તસ્મૈ તૃણં નિદધાવેત્) ''આને બાળી નાખ'' (દહેતિ) તે અગ્નિ તેની પાસે ગયા (તદુપપ્રેયાય) સમગ્ર ક્ષમતાથી પણ અગ્નિ તે તણખલાને બાળી શક્યો નહિ (સર્વ જવેન તન્ન શશાક દગ્ધું) તેથી અગ્નિએ ત્યારે જ પ્રયત્ન બંધ કરીને પાછા આવ્યા (સ તત એવ નિવવૃતે) હું તે યક્ષને જાણી શક્યો નથી. (નૈતદશકં વિજ્ઞાતું યદેતદ્યક્ષમિતિ)

(૭)

**અથવાયુમબ્રવન્ વાયવેતદ્વિનાનીહિ કિમેતદ્યક્ષમિતિ તથેતિ ॥**

ત્યારે તેમણે વાયુને કહ્યું. (અથવાયુમબ્રવન્) હે વાયુ, તમે તે જાણી આવો (વાયવેતજાનીહિ) તે યક્ષ કોણ છે (કિમેતદ્યક્ષમિતિ) વાયુ બોલ્યા, ''ભલે'' (તથેતિ)

(૮)

**તદભ્યદ્રવત્તમભ્યવદત્ કોસિતિ વાયુર્વા**

**અહમસ્મીત્ય બ્રવીન્માતરિશ્વા વા અહમસ્મીતિ ॥**

તે વાયુ તેની પ્રત્યે દોડ્યો (તદભ્યદ્રવત્) તેને બ્રહ્મતત્ત્વે પૂછ્યું, 'તમે કોણ છો ?'' (તમભ્યવદત્ કઃઅસિ ઈતિ) હું વાયુ છું. (વાયુર્વા અહમસ્મિ ઈતિ અબ્રવીન્) હું માતરિશ્વા છું (માતરિશ્વા વા અહમુસ્મીતિ)

(૯)

**તસ્મિંસ્ત્વયિ કિં વીર્યમિત્યપીદં સર્વમાદદીય યદિદં પૃથિવ્યામિતિ।**

તમે આવો છો તો (તસ્મિન્સ્ત્વયિવ) તમારી વિશેષ ક્ષમતા શું છે તે કહો (કિં વીર્ય મિત્યપીદમ્) આ બધાંને મારી સાથે લઈ લઉં છું. (ઉડાવી દઉં છું) (સર્વમાદદીયમ્) જો તે પાર્થિવતત્ત્વનું બનેલું હોય (યદિદં પૃથિવ્યામિતિ)

(૧૦)

**તસ્મૈ તૃણં નિદધાવેતદાદત્સ્વેતિ તદુપપ્રેયાય સર્વજવેન તન્ન।**
**શશાકાદાતું સ તત એવ નિવવૃતે નૈતદશકં વિજ્ઞાતં યદેદ્યક્ષમિતિ॥**

તે બ્રહ્મતત્વે તેની સામે ઘાંસનું તણખલું મૂક્યું (તસ્મૈતૃણં નિદધાવેત્) આને ઉપાડી જા (તદાદત્સ્વેતિ) વાયુ તેની પાસે ગયો (તદુપપ્રેયાય) સમગ્ર ક્ષમતાથી પણ તે તણખલાને ઉપાડીને ન લઈ જઈ શક્યો (સર્વ જવેન તન્ન શશાકાદાતું) તેથી ત્યારે જ વાયુએ પ્રયત્ન બંધ કર્યો (સ તત એવનિવવૃતે) હું તે યક્ષને જાણી શક્યો નથી (નૈતદશકં વિજ્ઞાતું યદેદ્યક્ષમિતિ)

(૧૧)

**અથેન્દ્રમબ્રુન્મઘવન્નેતદ્વિજાનીહિ કિમેતદ્યક્ષમિતિ।**
**તથેતિ તદભ્યદ્રવત્ તસ્માત્તિરોદયે॥**

પછી તેઓ ઈન્દ્રને બોલ્યા. (અથેન્દ્રમબ્રુવન) હે મઘવન્, (વિપુલપ્રમાણમાં આપનાર) તમે જાણી આવો (મઘવન્નેતદ્વિજાનીહિ) તે યક્ષ કોણ છે (કિમેતદ્યક્ષમિતિ) તે બોલ્યા, ‘‘ભલે’’ (તથેતિ) તે તેમની તરફ દોડ્યા (તદભ્યદ્રવત્) તે યક્ષ અદૃશ્ય થઈ ગયો (તસ્માત્તિરોદયે)

(૧૨)

**સ તસ્મિન્નેવાકાશે સ્ત્રિયમાજગામ બહુ શોભમાનામુમાં**
**હેમવતીં તાં હોવાચ કિમેતદ્યક્ષમિતિ॥**

તે જ અવકાશના સ્થળે એક સ્ત્રી આવી ગઈ (તસ્મિન્નેવાકાશે સ્ત્રિયમાજગામ) ખૂબ જ સુંદર આલ્હાદદાયક, ઉમા જે સુવર્ણમય હતી. (બહુ શોભામાનામુમાં હેમવતીં) તેમને ઈન્દ્રે કહ્યું, ‘‘તમે યક્ષ રૂપે કોણ હતો’’ (તાં હોવાચ કિમેતદ્યક્ષમિતિ) (ક્રમશઃ)

# વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

# સવિતૃ - ભગ

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૦૩-૧૦૬)

પ્રકરણ -૧૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

(વેદ રહસ્ય ભાગ ૧. પૃ.૩૧૬-૩૨૧) (ઋગ્ - ૫-૮૨)

ઋગ્વેદનાં પાંચમાં મંડલનું ૮૨મું સુક્ત સવિતૃને ઉદ્દેશીને લખેલ છે.

વેદોમાં ચાર દેવોનાં કાર્ય અને સ્વભાવને કારણે ખૂબ જ નિકટનો સંબંધ છે. તે દેવો એટલે - વરુણ, મિત્ર, ભગ, અર્યમા. તેથી આમનો ઘણાં સૂક્તોમાં બે અથવા ત્રણનો સાથે જ ઉલ્લેખ જોવા મળે છે. આમાં વરુણ મુખ્ય છે. તેથી તેમના નામે સ્વતંત્ર સૂક્તો પણ છે.

સાયણના મતે આ ચાર દેવો સૂર્યની ચાર શક્તિ-સ્વરૂપો છે. કારણ ભગ અને અર્યમા એ તો સૂર્યનાં જ નામ છે. અને સૂર્યને કારણે રાત-દિવસની જે ઘટના બને છે તેનાં ક્રમશઃ વરુણ અને મિત્ર દેવતા છે. સારાંશ, બધા જ સવિતૃના પ્રગટીકરણ છે.

સવિતૃ એટલે સર્જનહાર. સર્જક અથવા સ્રષ્ટા. તે આદ્યા બ્રહ્મશક્તિ અદિતિની સર્જનાત્મક શક્તિનું, વૈશ્વિક કક્ષાનું મુખ્ય આવિર્ભાવ કેન્દ્ર છે, તેથી જ તેને આદિત્ય (અદિતિનું કેન્દ્ર) કહે છે. નવ સર્જન દ્વારા પરમ ચેતના ચાર સ્વરૂપે પ્રગટ થાય છે. તે તેના આવિર્ભાવનાં ચાર પાસાં જ છે. દરેક પાસાને એક-એક દિવ્ય-શક્તિ વિકસાવે છે. તે નીચે મુજબ છે :

૧. વિશાળતા - વરુણ

૨. સંવાદિતા - મિત્ર

૩. આત્માનંદ - ભગ

૪. બધી મર્યાદાઓમાંથી મુક્તિ - અર્યમા

ઉષાએ ઉગાડેલો દિવ્યપ્રકાશ આ ચાર પાસાંને પરિસ્થિતિનુસાર વિકસાવે છે.

વરુણ વિશાળતા અર્પે છે. જ્યાં સુધી આપણા મન-પ્રાણ-શરીર સંકુચિત છે. મર્યાદિત છે; ત્યાં સુધી આપણે વરુણના પાશથી આ વૈશ્વિક યજ્ઞના વધસ્તંભે બલિ તરીકે બંધાયેલા રહીએ છીએ. જ્યારે વિશાળતા આપણા સ્વરૂપમાં સ્થિર થાય છે ત્યારે આ પાશ ઢીલો પડે છે. મુક્તિદાતા અર્યમા પોતાનું કાર્ય ઉપાડી લે છે.

તેમાં મદદમાં મિત્રને આવવું પડે છે. વિશાળતા પ્રાપ્ત કરવા અન્ય તત્ત્વો સાથે પ્રથમ સંવાદિતા રચવી પડે છે. જે મિત્રનું કાર્ય છે તે સંવાદિતા પરિપકવ થતાં એકરૂપતામાં પરિણમે છે જેથી તે વધારે વિશાળ બને છે.

આ કક્ષાએ ભગ તેમના કાર્યમાં જોડાય છે. સાધક વિશાળતા પ્રાપ્ત કરવા ત્યારે જ મથે જો તેને તે વિશાળતામાંથી આનંદ, શાંતિ કે તૃપ્તિ મળે. આમાં બદલો આપવાનું કામ ભગ કરે છે. ભગ તેની વિશાળતામાંથી આનંદના સોમરસને પીલી કાઢે છે. વિશાળતામાં જ સુખ છે એ સર્વમાન્ય સત્ય છે. (ભૂમા એવ સુખમ્)

પણ વરુણ, મિત્ર, ભગ અને અર્યમા પોતપોતાનું કાર્ય ત્યારે જ કરી શકે છે, જ્યારે આ સમગ્ર વિકાસ પ્રભુના સંકલ્પાનુસાર વધતો હોય. અર્થાત્ ઋત્‌ના નિયમાનુસાર ઋત્‌ના માર્ગે વધતો હોય. આ જવાબદારી સાચવવાનું કામ ઉષા અને તે પછી સૂર્ય કરે છે. સૂર્યના પીઠબળ વગર આ ચાર દેવો પોતાનું કાર્ય કરી શકતા ન હોવાથી જ તેમને સૂર્યના પ્રગટીકરણો તરીકે ઉપર જણાવેલાં છે.

આવી રીતે માનવી-સ્વરૂપમાં જે આધ્યાત્મિક-પ્રક્રિયા ચાલતી હોય છે. તેનાં જ આ ચાર પરિબળો છે એ સિદ્ધ થાય છે. (ક્રમશઃ)

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

## શ્રી અરવિન્દના કાર્યમાં માનવ-વંશનું સ્થાન

પ્રકરણ - ૩૬

(પૃ.૧૫૧-૧૫૨)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1. My work is not to intervene in social matters within the frame of the present humanity but to bring down a higher spiritual light and power of a higher character which will make a radical change in the earth consciousness. P. 151

2 Sarva Bhutani of Gita... is not merely humanity still less only the poor or the wicked. P. 151

3 Nor is there any question of philanthropic service... I had already altered my viewpoint from the 'Our Yoga for the sake of humanity' to 'Our Yoga for the sake of the Divine.' The Divine includes not only supracosmic but the cosmic and the individual... not only Nirvana or the Beyond but life and the all. P. 152

4 My own (getting rid of dead concept) has been a sort of readjustment or rectification of positions and I should rather call it discrimination accompanied by a rearrangement of intuition. P. 152

5 It is only divine Love which can bear the burden I have to bear. P. 152

આપણા યોગનું ધ્યેય આધ્યાત્મિક ચેતનામાં રહીને ગરીબોને મદદ કરવી એ નથી. સમાજનાં ક્ષેત્રમાંના વિવિધ પ્રકારનાં પીડિતોને રાહત આપવી તે માટેનો આ યોગ નથી. તેમાં માનવ - ચેતનાને યથાવત જ રાખવામાં આવે છે. તેના ભૌતિક - જીવનમાં જ રાહત મળે એમ કરવામાં આવે છે. આપણો યોગ તો માનવ - ચેતનામાં ઊર્ધ્વમાંના પ્રકાશ અને શક્તિને લાવીને તેની નિમ્નતમ ભૌતિક-ચેતનામાં પણ ફેરફાર કરવાનો છે.

શ્રી અરવિન્દ પણ શરૂઆતમાં માનવતાવાદી નહીં પણ માનવ-કેન્દ્રિત વિચારોથી પ્રભાવિત હતાં. માનવોનું જીવન સુધારવા તે પણ પ્રયત્ન કરતાં. તેમણે દિવ્ય-જીવનમાં શ્રી વિવેકાનંદની અપીલ કે મૂર્તિપૂજા કરવા કરતાં દરિદ્રનારાયણની પૂજા કરો, તેમની સેવા કરો પણ નારાયણ-સ્વરૂપે; આવો જે ઉપદેશ આપેલો તેની પ્રશંસા કરી છે પણ તેમનો ભાર જે નારાયણનાં દર્શન કરવામાં છે તેના ઉપર હતો. કોઈકે તેમનો સદર પરિચ્છેદ ટાંકીને તેમને માનવતાવાદી ગણાવેલા તે ઉપરથી ચર્ચા શરૂ થયેલી. તેમણે પોતે કબૂલ કર્યું કે તેઓ પહેલાં તેવા હતાં અને તેથી આર્યમાં લખતી વખતે તેવી ભાષાના પ્રયોગો થયેલા પણ હશે પણ હવે તો તેમણે તે ભાષા પણ પ્રયત્નપૂર્વક બદલી નાખી છે. તેઓ હવે પોતાના યોગને 'માનવો માટેનો નથી ગણાવતા પણ 'પ્રભુ માટેનો' ગણાવે છે. જેથી માનવ-કેન્દ્રિત વિચાર પણ છૂટી જાય.

દિવ્યતા એ કાંઈ ફક્ત ગરીબો અને પીડિતોમાં જ નથી હોતી. તે સમગ્ર માનવજાતમાં પણ હોય છે. તેથી માનવતાવાદી સેવાઓ કરતાં આપણું ક્ષેત્ર વિશાળ બની જાય છે. માનવોમાં શ્રીમંતો પણ આવી જાય છે. બીજું, ત્યારે આપણે કહીએ છીએ કે આપણો યોગ પ્રભુ માટે છે, Divine માટે છે; ત્યારે તેમાં ફક્ત માનવોનો જ સમાવેશ થતો નથી પણ માનવેતર પ્રાણી, પક્ષી, જીવ-જંતુ બધાંનો જ થાય છે તેથી આપણા વિચારો હવે તો 'માનવ-કેન્દ્રિત' પણ નથી રહેતા. તેથી વિશાળ બની જાય છે.

પણ દિવ્યતા ફક્ત પૃથ્વી ઉપરનાં પ્રાણીઓમાં જ નથી. જડ પથ્થર, ક્ષારો, ખનીજોમાં પણ છે. વળી તે પૃથ્વી સિવાયના અન્ય ગ્રહો-સૂર્યમંડળો અને આકાશ-ગંગાઓમાં પણ છે. તે સમગ્ર વિશ્વમાં છે, તેથી તે વિચારો પૃથ્વી-કેન્દ્રિત

પણ નથી પણ દિવ્યતા તો વિશ્વથી બહાર અને પર પણ છે તેથી તે વિશ્વાતીત-કક્ષામાં પણ છે એમ કહેવું પડશે. સારાંશ, જ્યારે આપણે કહીએ છીએ કે આપણો યોગ પ્રભુ માટેનો યોગ છે તેમાં બધું સમાઈ જાય છે. પોતાની ચેતનાના વિકાસ માટે આપણે કયું ક્ષેત્ર નક્કી કરીએ છીએ તે કૃતિના પસંદગીનો વિષય છે પણ આપણે ફક્ત માનવોનાં જ હિત માટે નથી કામ કરી રહ્યાં. માનવ ઉત્ક્રાંતિને વટાવી જ જશે અને તેમ કરતાં માનવતાવાદી કે માનવ-કેન્દ્રિત વિચારો પણ છોડીને સમગ્ર બ્રહ્માંડની ચેતના સાથે એકરૂપતા સાધશે, અને તેની ઉપર વિશ્વાતીત-ચેતનામાં પણ વિસ્તરશે.

એટલું જ નહીં ફક્ત ભૌતિક કક્ષાએ જ ચેતના છે તેમ પણ નથી. પ્રાણમય, મનોમય, ચૈતસિક અને આધ્યાત્મિક સૂક્ષ્મ અને દિવ્ય જગતો પણ છે તેમાં પણ પ્રભુ છે જ.

દરેક આવિર્ભાવમાં પ્રભુ છે અને અવકાશમાં પણ છે. પૂર્ણયોગનાં ક્ષેત્રને કોઈ સીમા નથી, કારણ પ્રભુ પોતે જ અસીમ છે. પ્રભુએ ચેતનાના વિકાસ અનુસાર વિવિધ કક્ષાનાં જગતો રચ્યાં છે. આપણે પ્રભુનો સર્વ કક્ષાએ સાક્ષાત્કાર કરવાનો છે.

તેથી શ્રી અરવિન્દના વિચારોને માનવતાવાદી કે માનવ-કેન્દ્રિત ગણાવવા એટલે તેમને સંકુચિત કરી નાખવા જેવું છે, દિવ્ય-પ્રેમ જે પ્રભુનો સ્વભાવ છે તે સમગ્ર બ્રહ્માંડનો બોજો ઉપાડે છે. આપણે તે જ ઉપાડવો પડશે. તે કાર્ય માટે અવચેતનમાં પણ ઉતરવું પડશે.

ગીતા આધ્યાત્મિક વ્યક્તિઓનું 'સર્વભૂત હિતે રતાઃ'ના ધ્યેયનો અર્થ ફક્ત ગરીબો અને પીડિતોની સેવા એવો નથી. બધાં જ પ્રાણીમાત્ર એવો પણ નથી. ભૂતમાં પંચમહાભૂતો પણ આવી જાય છે. સારાંશ, સ્થૂળ-સૂક્ષ્મ, ભૌતિક-અભૌતિક અસ્તિત્વમાત્રના ભલાઈમાં તે રત હોય છે એમ ગીતા જણાવે છે અને શુદ્ધ જે સત્ છે, અસ્તિત્વ છે. તે જ ચિત્ અને આનંદ સ્વરૂપ છે. તેને જ શ્રી અરવિન્દ 'Divine' કહે છે. Our Yoga is for the Divine એ તેમનું લક્ષ્ય છે. શ્રી અરવિન્દે પોતાની અનુભૂતિઓનાં બળે વિવેકથી આ વિચારોમાં ફેરફાર લાવ્યો છે.

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૩ પર આધારિત)
પ્રકરણ - ૪૦

## સમર્પણનો સિદ્ધાંત

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- **જેઓ જીવનમાં વિમુખ થઈ..... નિર્ગુણનો માર્ગ અનુસરે છે..... તેઓ એ માર્ગનું અનુસરણ સ્વપ્રયત્નનો આશ્રય લઈને કરે છે. પૃ.૩૬-૩૭**
- **અક્ષર એટલે કે નિષ્ક્રિય બ્રહ્મ..... જે કોઈને સહાય કરતું યા તો દોરતું નથી. તેને તો સાધકે સ્વપ્રયત્ને જ પહોંચવાનું હોય છે. પૃ.૩૭**
- **..... સાધકની પ્રકૃતિના બંધારણ અને અધિકાર પ્રમાણે એ માર્ગનું અનુશીલન કરવાને અક્ષર છૂટ આપે છે. પૃ.૩૭**
- **આનાથી ઊલટું પરાશક્તિ ભગવતી માં પ્રત્યે ચેતનાને ખુલ્લી કરવાથી તથા તેને સમર્પણ કરવાથી અક્ષર બ્રહ્મનો તથા પરમ સત્યનાં અન્ય સર્વે પાસાંઓનો સાક્ષાત્કાર પણ સાધક કરી શકે છે. પૃ.૩૭**
- **ઉપર જણાવેલ સમર્પણ ક્રમે ક્રમે વૃદ્ધિ પામતું આવે છે..... એટલે સમર્પણની ગેરહાજરી જણાય એ તદન સ્વાભાવિક છે. પૃ.૩૭**
- **પરંતુ એથી સમર્પણનો સિદ્ધાંત નહિ સ્વીકારવાનું..... અને પ્રકૃતિના સર્વે અંગોમાં, એક પછી એક, તેનો અમલ નહિ કરવાનું કશું કારણ નથી. પૃ.૩૭**

*

જીવનનો સ્વીકાર અને ત્યાગ એ બે વચ્ચે સાધક જે ગડમથલ અનુભવે અને તેમાં સાચો શું માર્ગ છે તે શ્રી અરવિન્દ સમજાવી રહ્યા છે.

સાધના દરમિયાન પ્રકૃતિ આંતરમુખી બનતી જાય છે. તેને કારણે સાધકને એમ લાગે છે કે બાહ્ય જીવન તો યાતનામય અને સુકા રણ સમાન છે. આ વૃત્તિ તેને નિર્ગુણના સાક્ષાત્કાર તરફ જવા પ્રેરે છે. જીવનનો ત્યાગ અને તે દ્વારા પ્રભુના નિષ્ક્રિય પાસાંનો સાક્ષાત્કાર જ સાચો અને તે એક જ માર્ગ છે તેમ લાગે છે. આ એકાંગી વલણ સાધકને પોતાની આજુબાજુની પરિસ્થિતિઓ અને પોતે જે કુટુંબ પ્રણાલીમાં ઉછરેલો છે તે દ્વારા રચાએલી એક માનસિક સમજ અને દબાણ તરીકે અનુભવતો હોય છે. આ સંજોગોમાં સાધક પોતે પોતાના સ્વપ્રયત્નમાં જ બધું કરતો હોય છે. તેને એમ જ લાગે છે. દિવ્ય શક્તિઓ છે. પ્રભુ છે પરંતુ તે આ જીવનને કોઈ કાળે બદલાવી શકશે નહિ અને તેથી જ આ જીવનને છોડી ને પ્રભુનો દિવ્ય સાક્ષાત્કાર કરવો અને નિષ્ક્રિય પાસાંને પામી જવું તે જ એક માર્ગ છે. ઊર્ધ્વારોહણ એક જ માર્ગ છે. નિર્ગુણ ચેતનામાં વિલીન થવું, અક્ષર-પુરુષનો સાક્ષાત્કાર કરવો તે એક જ જીવનનું ધ્યેય બની રહે છે. શ્રી માતાજી આ પ્રકારની એકાંગી સાધનાને lopsided (માત્ર એક બાજુ ઢળેલી) સાધના કહેતા. માત્ર પ્રભુના નિષ્ક્રિય પાસાંનો સ્વીકાર, પરંતુ પ્રભુએ બનાવેલ આ જગતનો અસ્વીકાર.... ! પરમ પ્રભુએ આ પણ સાધનની કક્ષા માન્ય કરેલ છે અને તેથી જ સાધકના સંકલ્પને જાણી જોઈને મુક્ત રાખેલ છે. પસંદગી સાધકે કરવાની હોય છે. નિર્ણય પણ સાધકે જ લેવાનો હોય છે. માં ભગવતીની કૃપા તો અહર્નિશ વરસતી જ હોય છે.

નિષ્ક્રિય પાસાંરૂપી અક્ષર-પુરુષ, બ્રહ્મનો સાક્ષાત્કાર જરૂરી છે, તેના વગર પેલે પાર અતિમનસમાં જઈ શકાતું નથી. પરંતુ આ સાક્ષાત્કારના ઉંબરે રોકાઈ જવું તે તો પરમ-પ્રભુના દિવ્ય સંકલ્પને અધવચ્ચે જ ત્યાગીને, જીવન જેમ છે તેમ ચાલવા દેવું, કોઈ પણ જાતના બદલાવ વગર, એ પ્રકારની સ્થિતિ છે. આ પ્રકારનો સાધક પરમ-પ્રભુના કયા સંકલ્પને આ પૃથ્વી પર મૂર્ત કરવા માટે આવ્યો છે, તે ભૂલી જાય છે અને પ્રભુના નિજાનંદમાં જ મસ્ત રહે છે. શ્રી અરવિન્દ સાવિત્રીમાં આ કક્ષાની અનુભૂતિ વિષે ચેતવણી-રૂપે જણાવે છે.

O soul, it is too early to rejoice!

Thou hast reached the boundless silence of the Self,
Thou hast leaped into a glad divine abyss;
But where hast thou thrown Self's mission and Self's power?
On what dead bank on the Eternal's road?
One was within thee who was self and world,
What hast thou done for his purpose in the stars?
(Savitri, Page: 310)

તો સાધનાના આ કાળમાં કરવું શું ? શ્રી અરવિન્દ પૂર્ણ-યોગના અતિ મહત્વના સિદ્ધાંત તરફ આપણને લઈ જાય છે - સમર્પણ કરવું. માનવથી જે કંઈ ઊર્ધ્વમાં છે તે દિવ્ય શક્તિઓ પ્રત્યે આપણી ચેતનાને ખુલી કરી તેના પ્રભાવ હેઠળ અને તેના પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ જીવનને મૂકી દેવું. આ સમર્પણ પણ ક્રમિક બની આવે છે અને તેથી તે માર્ગે જવું જ નહિ અથવા તો તેને કારણે તેનો છેદ જ ઉડાડી દેવો તે શ્રી અરવિન્દને લગીરે માન્ય નથી. સમર્પણથી બીજી એક નવીન જ વસ્તુ સાધનામાં બનવા લાગે છે, તે અક્ષર-પુરુષ, બ્રહ્મનો તો સાક્ષાત્કાર કરાવે જ છે. પરંતુ સાથે સાથે તે સત્યના અન્ય પાસાંઓને પણ ઉજાગર કરીને જીવનમાં જોડતું જાય છે અને તેને કારણે દિવ્ય-જીવન પણ ક્રમિક રીતે સાધકમાં વિકાસ પામે છે. આ એકાંગી વિકાસ હોતો નથી, પરંતુ સર્વાંગી વિકાસ હોય છે. - સાધનામાં પ્રગતિ હોય છે. અને જીવનના સ્વીકારમાં જ પરમ-પ્રભુ મળી આવતા દેખાય છે. સાધક પોતાની પ્રકૃતિમાં પણ રૂપાંતર લાવતો થાય છે અને માનવીય જીવનને પણ પરમ-પ્રભુનો સ્પર્શ કરાવીને દિવ્ય બનાવે છે. નિષ્ક્રિય અને સક્રિય પાસાંઓ એક જ અભિવ્યક્તિના બે જુદા જુદા અંગો લાગે છે અને તે દ્વારા સાધક દિવ્ય જીવનમાં મહાલતો હોય છે. 'સાવિત્રીમાં શ્રી અરવિન્દ જણાવે છે :

Nature shall live to manifest secret God,
The Spirit shall take up the human play,
This earthly life become the life divine."
(Savitri, Page:710)

# દેવોના સ્વરૂપો

(૨૬-૬-૨૬, ૧૩-૭-૨૬) (પૃ.૨૦૬-૨૨૩)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : અક્ષર-ચેતના શું છે?

શ્રી અરવિન્દ : તે અવિકારી, બિન-અંગત નિરાકાર બ્રાહ્મી ચેતના છે. તે ક્ષરપુરુષની જેમ પુરુષોત્તમની બીજી બાજુ છે. તે શાંતિ, સમતા, નિર્લેપતાનો પાયો છે.

શિષ્ય : તેને પ્રાપ્ત કરવાથી સાધનામાં શું ફાયદો થાય.

શ્રી અરવિન્દ : ઉપર જણાવ્યા મુજબ શાંતિ, સમતા અને નિર્લેપતા પ્રાપ્ત થાય છે, પ્રકૃતિના બંધનોમાંથી મુક્તિ મળે છે.

શિષ્ય : પરાત્પર પ્રભુ આવું નિર્લેપ બિન-અંગત વલણ શા માટે લે છે?

શ્રી અરવિન્દ : વૈશ્વિક-બળોને જગતની રચના કરવા પૂર્ણ સ્વતંત્રતા આપવા અને તે જે જગતની રચના કરે તેને આધાર આપી ટકાવી રાખવા.

શિષ્ય : સાચા દેવોની ભૂમિકાને આપણે કેવી રીતે પ્રાપ્ત કરી શકીએ?

શ્રી અરવિન્દ : તેની શરતો પૂરી કરીને.

શિષ્ય : તે કઈ છે?

શ્રી અરવિન્દ : અહંતાનો ત્યાગ અને વૈશ્વિક સર્જનશક્તિનું જ્ઞાન.

શિષ્ય : નાના પ્રાણિક દેવોનો સંપર્ક સધાય?

શ્રી અરવિન્દ : હા, અમુક શરતો પૂરી કરીને.

શિષ્ય : તે વળી કઈ શરતો.

શ્રી અરવિન્દ : તેમની પૂજા કરવી, તેમને સંતુષ્ટ કરવા વગેરે. જેથી તેઓની શક્તિ પ્રાપ્ત કરી શકાય.

શિષ્ય : તેથી ફાયદો શું ?

શ્રી અરવિન્દ : તેઓ તમારી, શારીરિક, કૌટુંબિક, માનસિક, આર્થિક, કાનુની મુશ્કેલીઓમાંથી તમને બચાવે છે. તેઓ સાધનામાં પણ મદદ કરી શકે છે. પણ અમુક કક્ષા સુધી.

શિષ્ય : પણ અસુરો પણ શક્તિ તો આપે જ છે.

શ્રી અરવિન્દ : તે પોતાના હેતૂ પાર પાડવા પૂરતું આપે છે અને પછી લઈ લે છે. પ્રાણિક દેવો પ્રથમ તેમની કક્ષાની સાધનામાં મદદરૂપ થાય છે પણ તેમનાથી પર જવાનો પ્રયત્ન કરતા જ વિરોધ કરે છે. પ્રાણમય લલચામણી આપે છે. દા.ત. ઈન્દ્રની અપ્સરા અને કામદેવને મોકલવાં. તે કસોટીમાંથી પાર ઉતરો તો દેવોને યોગીના ઊર્ધ્વારોહણને સંમતિ આપવી પડે છે.

શિષ્ય : અસુરોના જન્મનો પણ શું દિવ્ય હેતુ છે ?

શ્રી અરવિન્દ : હા, તેઓ પૂર્ણતાના આગ્રહી અને અપૂર્ણતાના વિરોધી છે. તેથી પોતાની રીતે કાર્ય કરે છે.

શિષ્ય : દેવો ભગવાનની શક્તિઓ છે ?

શ્રી અરવિન્દ : શક્તિ સ્વરૂપો અને વ્યક્તિ-સ્વરૂપો બન્ને છે.

શિષ્ય : તે કઈ ભૂમિકા ઉપર હોય છે ?

શ્રી અરવિન્દ : તે સર્વભૂમિકા ઉપર હોય છે અતિમનસ ભૂમિકાથી ઉપરની પણ.

શિષ્ય : અતિમનસની પણ ઊર્ધ્વમાં ભૂમિકાઓ છે ?

શ્રી અરવિન્દ : જરૂર. (ક્રમશઃ)

- માનસિંહ ચાવડા

# વૈદિક દેવો

# ઈલા - સરસ્વતિ ભારતી, મહિ

પ્રકરણ - ૧૦

ઈળનો અર્થ પ્રકાશ અથવા અન્ન થાય છે illumine શબ્દ કદાચ ઈલ શબ્દ ઉપરથી જ આવ્યો હશે. નિરાકાર ચેતનાનો પ્રકાશ જ માનવ સ્વરૂપના મન, પ્રાણ, શરીરને પોષણ આપી ખીલવે છે તેથી તેમનું તે પ્રકાશ જ અન્ન છે. વેદોમાં નિરાકાર ચેતનાના પ્રકાશને 'ગો' કહે છે. ગો નો અર્થ પ્રકાશ અને 'ગાય' એવા બે અર્થ છે. ગાય જેમ દૂધ, ઘી આપે છે તેમ પ્રકાશમાંથી જે દિવ્યજ્ઞાન, શ્રદ્ધા, પ્રગટ થાય છે તે જ દૂધ અને ઘી છે. વેદોમાં શ્રદ્ધાને જ પ્રતીકાત્મક રીતે ઘી-ધૃત કહ્યાં છે. આ બધાનો સમાવેશ ઈલામાં થાય છે. માનવની ચેતનાના સર્વભાગોમાં ચેતનાના પ્રકાશને અનુભવવો એ ઈલાનો અનુભવ છે. તેમાં શરીરમાંના કોષોમાંના પ્રકાશનો પણ સમાવેશ થઈ જાય છે. આમ દિવ્યવિચારો, દિવ્યભાવો, દિવ્યકર્મો આ ઈલાના જ વિવિધ સ્વરૂપો છે. કારણ તે જ માનવીની ચેતનાના વિકાસને પોષણ આપે છે, તે જ તેનું અન્ન છે.

તે શ્રદ્ધા દ્વારા જ કાર્ય કરે છે. તેથી ધૃત હસ્તા. તે શ્રદ્ધાના જોરે જ વધે છે, શ્રદ્ધાનો જ આધાર લે છે. તેથી ધૃતપાદા. પેષામિળા ધૃતહસ્તા..... (ઋ ૭-૧૬-૮) હવીષીળા દેવી દૃતપદી જુષંત (ઋ ૧૦-૭૦-૮) આ ઈલા શ્રદ્ધારૂપી હાથ ધરાવે છે આ શ્રદ્ધારૂપી પગવાળી ઈલાને શ્રદ્ધાથી આહૂતિ આપી મેળવવાની છે.

આ ઈલાને કારણે જ સરસ્વતી, ભારતી અને મહિ પણ સક્રિય બને છે. પણ ઈલા અથવા ભારતી વિશ્વચેતનાની પેલીપારની વિશ્વાતીત ચેતનામાં લઈ જઈ શકતી નથી. તે માટે સરસ્વતીની મદદની જરૂર પડે છે. સરસ્વતી સાધયંતી ધિયં ન ઈળા દેવી ભારતી વિશ્વતૂર્તિઃ (ઋ ૨-૩-૮)

ઈલા માનવ ચેતનાને પ્રકાશથી વિશાળ કરીને વિશ્વ-ચેતના સુધી લઈ આવે છે. તેમાં તેને ભારતી, મહિ, મદદ કરે છે. કોષોમાં પ્રકાશ સ્થિર કરીને તેમને પ્રકાશની ધારણામાં જોડવાનું કામ ભારતી કરે છે. ભારતીનો અર્થ છે ભા+રતી અર્થાત્ પ્રકાશને પ્રેમથી ઝીલવા મદદ કરનારી શક્તિ. તેને કારણે કોષોની ભૌતિક-ચેતના પણ વિશાળતા ધારણ કરવા લાગે છે. તેને જ 'મહિ' કહે છે મહાન, વિશાળ કરવું તે મહિનું કાર્ય છે. ભારતી તે કાર્ય શરૂ કરે છે મહિ પુરું કરે છે.

આ રીતે માનવના મન, પ્રાણ, શરીર વિશ્વ-ચેતનાને ધારણ કરતા થાય છે. હવે કાર્ય પદ્ધતિ બદલાય છે. અત્યાર સુધી ઈલા, ભારતી, મહિ અગ્રભાગે હતા. સરસ્વતી તેમને પાછળથી પ્રેરણાઓ આપી દિશા દર્શાવતા. પણ હવે સરસ્વતી અનુભૂતિઓને ઊર્ધ્વમાંથી ખેંચી લાવે છે અને તેના સામર્થ્યની મદદથી ઈલા વગેરે કાર્ય કરે છે. સરસ્વતીના માર્ગદર્શન નીચે તેઓ વિશ્વ-ચેતનાને ઓળંગીને વિશ્વાતીત ચેતનામાં પ્રવેશે છે.

અજ્ઞાનના આવરણ રૂપી વૃત્રાસુરની અવચેતન રૂપી પાટનગરીમાં અભાનતાનું, રાત્રીનું જ રાજ્ય હોય છે. તેથી અવચેતનની આ નગરીને વેદોમાં કૃષ્ણગર્ભા કહી છે. ઇન્દ્ર પોતાની શક્તિથી પ્રકાશરૂપ ઈલાને ત્યાં મોકલે છે અને અવચેતનને સભાન બનાવે છે. ત્યાંના અસુરોનો નાશ કરે છે એટલું જ નહિ, જે અસુર સ્ત્રીઓ ગર્ભવતી હતી તે ગર્ભોનો પણ નાશ કરે છે. આ ગર્ભ એટલે એવી મલિનવૃત્તિઓ જે અંતે દુષ્કર્મોમાં જ પરિણમે. આ દુષ્ટ મલિન વૃત્તિઓનો પણ સમૂળો નાશ કરવામાં આવે છે. આમાં ઈલાની મદદ હોય છે. તે જ મલિન વૃત્તિઓ બાબત સભાન બનાવી તેમના નાશમાં મદદ કરે છે. આ રીતે 'ગર્ભસ્ત્રાવણી' દ્વારા અસુર નાશમાં ઈલા મદદ કરે છે.

સરસ્વતી આંતર પ્રેરણાની દેવતા છે. તે સ્ફૂરણા જ આપણા સહજ ઉદ્ગારોને (વાચા) પ્રગટ કરે છે. તેથી ઐતરેય બ્રાહ્મણ જણાવે છે કે યત્સ્ફૂર્જયન વાચમ્..... તદસ્ય સારસ્વતં રૂપમ્. વેદોનું સમગ્ર જ્ઞાન જ આંતર પ્રેરણાઓથી થયું છે. તેથી સરસ્વતીમાંથી સર્વે વેદો નિર્માણ થયા એમ કહેવાય છે. સરસ્વત્યાઃ

સર્વે વેદાઃ (ગા.૨-૪-૫-૯-૧૦)

સારાંશ સરસ્વતીની પ્રેરણાથી ઈલા સમજણનો પ્રકાશ ફેલાવે છે. ભારતી બધાં તત્ત્વોને તે પ્રકાશને ઝીલવામાં આનંદ લેતી કરે છે. મહિ શારીરિક કોષોની સંકુચિત ચેતનાને વિશાળતા આપે છે.

સરસ્વતી આંતરપ્રેરણાઓ દ્વારા જ્ઞાનની કોઠાસૂઝ આપે છે. તેમ કલાની પણ આપે છે. તેથી તેમને કલાના દેવી પણ કહેવામાં આવે છે.

વેદોમાંની ત્રણ પ્રસિદ્ધ દેવિઓ એટલે ઈલા-સરસ્વતી અને ભારતી આ ત્રણે ત્રણ જુદાં જુદાં સ્થાનોની વાક્ છે. તિસ્ત્રસ્તુ દેવ્યો યા પ્રોકતાસ્ ત્રિસ્થાને વેહ સા તુ વાક્ (બૃહ ૩.૧૨) અગ્નિ બાબતનાં (શારીરિક અનુભૂતિઓ) ભાવમય આત્મકથનો એ ઈલા છે. જાતવેદસ્ બાબતનાં (ચૈત્યપુરુષ બાબતની અનુભૂતિઓ) ભાવમય આત્મકથનો એ સરસ્વતિ છે અને સૂર્યબાબતનાં (વિશાળ આત્મતત્વની અનુભૂતિઓ) ભાવમય આત્મકથનો એ ભારતીનાં છે. અગ્નિમેવાનુગેલા તુ મધ્યં પ્રાપ્તા સરસ્વતી। ભાવમય ભવતિ હ્યસૌ (બૃહ. ૩-૧૩)

યજ્ઞ વખતે સ્તુતિ કરવામાં આવે છે કે હે ત્રણે દેવિઓ ઈલા, સરસ્વતી, મહિ (ભારતી) મારામાં ત્રણ રીતે આવિર્ભાવ પામો અને મારા બાહ્ય-જીવનમાં પ્રગટ થાઓ સ્ત્રિો દેવીર્મયોભુવઃ। બર્હિ સીદન્ત્વસ્ત્રિધઃ (ઋ ૫-૫-૮)

ત્રણે દેવિઓને ત્રણ જણાની પત્ની તરીકે વેદોમાં ઉલ્લેખ છે. ઈલાને પૃથ્વીની, સરસ્વતીને સરસ્વાન્ (વાયૂની) અને ભારતીને, મહિને ભરતની (આદિત્યની) પત્ની કહી છે. ઈલા પૃથ્વી, સરસ્વાન વાયુ તસ્ય સ્ત્રી સરસ્વતિ, મહિ, મહતિ ભારતી ભરતસ્યાદિત્યસ્ય પત્ની (ઋ સા.ભ.૫.૫.૮)

દેવી ઈલા ઘૃતવતી છે. અર્થાત ઈલા-પ્રકાશનું ધ્યાન દિવ્યઆનંદ (ઘૃત) સર્જે છે. તે જ અર્થમાં તેમને ઘૃતહસ્તા, ઘૃતપાદ કહ્યાં છે. દેવી ઘૃતપદી જુષંત (ઋ. ૧૦-૭૦-૮) યેષામિળા ઘૃતહસ્તા..... (ઋ ૭-૧૬-૮) ઈલાને મિત્રાવરુણની પુત્રી જણાવેલ છે (ઈળાસિ મૈત્રાવરુણી (શ.બ્રા.૧૪-૯-૪-૨૭) કારણ તે વરુણની જેમ પ્રકાશમાં વિશાળતા અને મિત્રની જેમ બધાં તત્વોનાં પ્રકાશમાં

સમન્વય સાધે છે.

સરસ્વતીને વાક્ કહી છે. ત્રણદેવી પૈકી ત્રિસ્થનૈવેહ સા તુ વાક્..... (બૃ.હ.૩-૧૧) ઇલા અગ્નિને અનુસરે છે સરસ્વતી વિદ્યુતને, ભારતી સૂર્યને (અગ્નિમેવાનુગેળા મધ્યં પ્રાપ્ત સરસ્વતિ..... ભારતી ભવતિ હયસૌ (બૃહ ૩.૧૩) ઉપર જણાવ્યા પ્રમાણે સરસ્વતી વાક્ છે. વાગ્વૈ સરસ્વતી (ઐ બ્રા. ૩-૩૭) તેથી સરસ્વતીને જીવ્હા પણ કહી છે (જિવ્હા સરસ્વતી (શત.બ્રા.૧૨-૯૧-૧૪) તેથી વેદોની ઉત્પતિ સરસ્વતીએ કરી છે. સરસ્વત્યાઃ સર્વે વેદાઃ અભવન્ (ગા.ર.ઉ. ૪-૫-૯-૧૦) તે બુદ્ધિને પોષે છે માટે પુષ્ટિપત્ની છે. સરસ્વતી પુષ્ટિઃ પુષ્ટિપત્ની (તૈતિ બ્રા.૨-૫-૭-૪) યજ્ઞ વખતે તેમને બહિ-આસન અપાય છે મુખ્ય દેવતાની પાછળનું આસન અપાય છે. કારણ તેઓ મુખ્ય દેવતાને મદદગાર છે. તિસ્ત્રો દેવી બહિરેદં સદન્તામિડા સરસ્વતી મહી ભારતી ગૃણાના (અર્થવ૫-૨૭-૯) ગૃણાના એટલે મુખ્યદેવતાના ઘરની બહાર.

---

(પૃ. ૪૦ ઉપર)

## જાતક કથાઓ

તેણે પોતાની પંદર મુદ્રામાં પાંચસો ગાંસડી લીલું ઘાસ ખરેદી બજારમાં પહોંચી ગયો. સાંજ સુધીમાં ઘાંસ વેંચી સો મુદ્રા કમાયો. ત્યાં ખબર મળ્યા કે બંદરે માલ ભરેલું જહાજ આવ્યું છે. તેણે બધો માલ સો મુદ્રામાં ખરેદી લીધો. વેપારીઓને વેચ્યો અને હજાર મુદ્રા કમાયો.

આમને આમ તે લખપતિ થઈ ગયો. તેને પોતાના ગુરુ પેલા ખજાનચીને ગુરુદક્ષિણા આપવાનું મન થયું. તે પહોંચી ગયો ખજાનચી પાસે અને વિગતે વાત કરી. ખજાનચીએ તેની હોંશિયારી અને મહેનત જોઈને રાજાને તેને નગર શેઠ બનાવવાની શિફારીશ કરી. રાજાએ તેને નગર શેઠ કર્યો. ખજાનચીએ તેને પોતાની એકની એક દિકરી આપી જમાઈ કર્યો.

તે યુવાનની ઉત્તરોત્તર પ્રગતિ થતી જ ગઈ.

જે સાહસ કરે છે તેને લક્ષ્મી વરે છે. 'સાહસે શ્રી'.

# ધી મધર્સ એજન્ડા

(મૂળ પુસ્તક : Mind of cells - by Satprem તેના પર આધારિત) **પરમસિદ્ધિનો પંથ**

- માનસિંહ ચાવડા

# રૂપાંતરનું પરિણામ

પ્રકરણ - ૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

It's a sort of decentralization. You see, in order to form a body, the cells are concentrated and held together by a sort of centripetal force, well its just the opposite ! Its as if the cells were being scattered by a centrifugal force - apparent result is fainting - I do not actually 'faint' because I am fully conscious. - 1962-91

શરીર એટલે શારીરિક કોષોનો એક સમૂહ છે, ક્યારો છે જેમાં કોષોરૂપી છોડવાઓને ઉછેરવામાં આવે છે. જેમ ભૌતિક શરીર ઓછું વિકસિત તેમ તેમાં ફક્ત અન્નમય કોષ જ વિકાસ પામેલો હોય છે અને તે કોષ તે પ્રાણીનાં બધાં જ શારીરિક કોષોને આવરી લે છે. પ્રાણી વિકાસ સાધે તેમ વિકસિત કોષોની સંખ્યા વધતી જાય છે અને તે કોષો અમેબાની જેમ પોતાનું કેન્દ્ર વિકસાવે છે જેથી તે કોષ સંચલિત થાય. તે કેન્દ્રને જ પુરુષ કહેવામાં આવે છે. આ રીતે પાર્થિવ પુરુષ પ્રાણમય પુરુષ, મનોમય પુરુષ, વિજ્ઞાનમય પુરુષ અને આનંદમય પુરુષ જુદા જુદા સ્વતંત્ર રીતે વિકાસ પામે છે. ઘણી વખત આપણા શરીર અને મન, મન અને પ્રાણ સંઘર્ષમાં ઊતરે છે. તેનું કારણ આ છે. આ સંઘર્ષ જ દર્શાવે છે કે વિકેન્દ્રીકરણની પ્રક્રિયા શરૂ થઈ છે.

પણ આ તદ્દન વિકેન્દ્રીકરણ હોતું નથી પણ ઊર્ધ્વમાંનો પુરુષ નીચેના પુરુષો ઉપર નિયંત્રણ સ્થાપે છે. આ રીતે એક પ્રકારની Hierarchy અથવા નિયંત્રણક્ષેત્રનો વિસ્તાર અનુભવાય છે. ઊર્ધ્વના તત્ત્વો નિમ્ન તત્ત્વો ઉપર પોતાનું નિયંત્રણ સ્થાપે છે. (અનુ.પૃ. ૫૦ ઉપર)

# જાતક કથાઓ - માનસિંહ ચાવડા

## ''સાહસે શ્રી'

પ્રકરણ - ૧૮

અમરાપુરી નગરની બજારમાંથી ગામનો ખજાનચી પસાર થઈ રહ્યો હતો. તેની સાથે તેનો મિત્ર વાતો કરતો હતો. ગામડેથી આવેલો એક ચબરાક યુવાન તેમની વાતો ધ્યાન દઈને સાંભળી રહ્યો હતો.

ખજાનચી, ''જો તમારામાં અક્કલ હોશિયારી અને સખત મહેનત કરવાની તૈયારી હોય તો તમે સામે પડેલા મરેલા ઊંદરનો પણ વેપાર કરીને પૈસા કમાવી શકો છો.''

ખજાનચી અને તેનો મિત્ર વાતો કરતા આગળ ચાલ્યા ગયા. આ બેઠેલા યુવાને મરેલા ઊંદરનો વેપાર કરવાનું બીડું ઝડપ્યું. તેણે તે ઊંદરને પુછડીએ પકડી બજારમાં ફરવા લાગ્યો. બજારમાંથી ગામનો શેઠ પોતાની માનીતી બિલાડીને લઈને જતો હતો. અચાનક બિલાડી તેના હાથમાંથી કૂદીને દોડી અને પેલા મરેલા ઊંદર ઉપર ત્રાટકી.

શેઠે પેલા તરુણની માફી માંગી. તેના મરેલા ઊંદરની નુકશાની તરીકે એક પૈસો આપ્યો.

યુવાને એક પૈસામાંથી ગોળ ખરીદ્યો. ગોળનું પાણી કરી વેંચવા બેઠો તેમાંથી ચણા-મમરા ખરીદી તે નિશાળના દરવાજે વેંચ્યા. તેમાંથી તેને એંશી પૈસા મળ્યાં.

ગામના રાજાનો બગીચો સાફ કરવાનું કામ તેણે રાખ્યું. બગીજામાંના સૂકા લાકડાં ભેગ કરી બગીચા બહાર રાખ્યાં. બગીચો સાફ કરવાની તેને પાંચ મુદ્રા મળી. લાકડા વેચીને દસ મુદ્રા મળી.

ત્યાં સાંભળ્યું કે બીજે દિવસે ગામ બહાર ઘોડાઓની બજાર ભરાવાની છે.

(અનુ.પૃ. ૩૮ ઉપર)

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

## રૂપાંતર

પ્રકરણ - ૧૧ (પૃ. ૩૭-૪૧)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ **રૂપાંતરના આડે આવતી મુખ્ય બાધાઓ કઈ ?**

પાયાની ત્રણ બાધાઓ છે (૧) શ્રદ્ધાની ઉણપ (૨) અહંકારનો દુરાગ્રહ જેમાં મન પોતાના વિચારોનો, પ્રાણ પોતાની કામનાઓનો અને શરીર પોતાની ટેવોનો દુરાગ્રહ રાખે છે (૩) ચેતનાની જડતા અને તમોગ્રસ્તતા. આ જડતા ચાર કારણે નિર્માણ થાય છે. (અ) રૂપાંતર ખૂબ જ અઘરું કામ હોવાની માન્યતા (બ) પોતાની ક્ષમતા બાબત આત્મવિશ્વાસનો અભાવ (ક) પ્રભુની કૃપા અને મદદમાં અવિશ્વાસ (ડ) અવચેતનમાંનું ગતજન્મોનું કોઈ ખાસ કારણ

૨ **શારીરિક ચેતના પોતાની આદતોને વળગી રહે છે એનો અર્થ શું ?**

પોતાના મનપસંદ ખોરાકની ટેવ, સુખસગવડતાની અપેક્ષા, કર્મ કરવાની પદ્ધતિમાંની ખાસ ટેવો, કુટેવો અને રોજીંદા જીવનની ઘરેડનો આગ્રહ, વધારે પડતી ઊંઘવાની કે જાગવાની ટેવ, વ્યસનો માટેની નબળાઈ વગેરેનો સમાવેશ શારીરિક ચેતનાની ટેવોમાં થાય છે.

૩ **અવચેતનમાં રહેલા કારણો કયા ?**

તમારા ગત હજારો જન્મનાં સંસ્કારોના સંગ્રહ રૂપ સંચિત કર્મોમાંના એવા સ્સ્કારો જે માનવના નારકીય જીવનનો જ આગ્રહ રાખે છે. તેવા સંસ્કારો.

૪ **રૂપાંતર આડે આવતા આ અવરોધો કઈ રીતે નિવારી શકાય ?**

આનો એક જ સર્વસામાન્ય નિયમ છે પોતાની જાતનું તટસ્થ નિરીક્ષણ

કરવું. રૂપાંતર વિરોધી વસ્તુઓને ઓળખી જુદી તારવી લેવી. તે પ્રગટ થવા પ્રયત્ન કરે ત્યારે નિર્દય થઈ તેને બહાર ફેંકી દેવી. ખંતપૂર્વક તેમને જીવનમાં દાખલ ન થવા દેવી. તેઓ દૂર થઈ જાય એવી અભીપ્સા સેવી પ્રભુને પ્રાર્થના કરવી. સહુથી ઉત્તમ માર્ગ છે તમારામાં કાર્ય કરતી જગન્માતાની શક્તિને સતત અનુભવવી અને તેને સંમતિ અને ટેકો આપતા રહેવું.

૫ **આપણામાં કાર્ય કરતી જગદંબાની શક્તિને ટેકો આપવો એનો અર્થ શું?**

તેનો અર્થ એ છે કે જ્યારે શક્તિ તમારામાં કાર્ય કરતી અનુભવાય ત્યારે તેને ઓળખી અન્ય અહંકારની અજ્ઞાનમય શક્તિઓથી જુદી પાડી તે અજ્ઞાનમય શક્તિઓનો સતત ઈન્કાર કરવો. તેમને માતાજીના કાર્યમાં અવરોધો ન નિર્માણ કરવા દેવા. ફક્ત જગદંબાના કાર્યને જ સંમતિ આપી તેની મદદમાં રહેવું. તેની પ્રત્યે ગ્રહણશીલ રહેવું.

૬ **જગદંબાની શક્તિના કાર્યને અહંકારની અજ્ઞાનમય શક્તિઓથી જુદી કેવી રીતે પાડી શકાય?**

હંમેશા અંતરથી સાચદિલ રહેવું, કામનાઓ અને નબળાઈઓને તર્કથી યોગ્ય છે એમ ન ઠેરવવી. તેમને સાચા સ્વરૂપમાં જ જાણવી. પોતાનું તટસ્થ શાંતિથી નિરીક્ષણ કરવું. જગન્માતાના પ્રકાશને બોલાવી પોતામાં સ્થિર કરવો જેથી આપણી વિવેક-શક્તિ વધુ સતેજ રહે. આ વસ્તુઓ ધીમે ધીમે વિકસશે, મજબૂત બનશે અને આપણી કામનાઓ અને નબળાઈઓને નબળી પાડી નાશ કરશે. સાચી પ્રકાશમય ચેતના સ્થાપશે.

૭ **જો સાધક અહંકારની અજ્ઞાનમય શક્તિઓ બાબત સાચો વિવેક ન કરી શકે અને ત્યાગ પણ ન કરી શકે તો સાધકની શું સ્થિતિ થાય?**

જ્યાં સુધી સાધક સાચદિલથી અહંકારની ઉપરોક્ત શક્તિઓને વિવેકથી જુદી પાડી ત્યાગવાનો પ્રયત્ન કરતો રહેશે, ત્યાં સુધી પ્રભુની કૃપા તેની પડખે રહી તેને યશ અપાવવા પ્રયત્ન કરતી રહેશે. તેથી નિરાશ ન થતા પોતાના સાચા પ્રયત્નો ચાલુ રાખો. સાચી વિવેકશક્તિ ધીમે ધીમે જ વિકાસ પામે છે એ ધ્યાનમાં રાખો.

જો દુર્ભાગ્યે સાધક પ્રયત્નો છોડી દઈ સાધના છોડી દેશે તો ધીમેધીમે પ્રભુકૃપા પણ પાછી હઠી જશે. ચેતનાની પ્રગતિ અટકી પડશે. વ્યક્તિ કર્માધિન સુખદુ:ખો ભોગવવાના જન્મ-મરણના ચક્રમાં સપડાઈ જશે.

**૮ સાચું સમર્પણ એટલે શું ? સાધકે તે સિદ્ધ કર્યું એમ ક્યારે કહેવાય ?**

સંપૂર્ણ સમર્પણમાં વ્યક્તિ દિવ્ય-શક્તિઓનું શુદ્ધ કરણ બની રહે છે તેના મનના ખ્યાલો કરતાં તે ઊર્ધ્વમાંથી આવતી દિવ્ય-પ્રેરણાઓને અનુસરે છે. પ્રાણની કામનાઓને ત્યાગી પ્રભુના દિવ્ય-સંકલ્પની સિદ્ધિ માટે પ્રયત્નો કરે છે. શરીર પોતાની ટેવોને બદલે આંતરિક સત્યને અનુસરે છે. આમ દિવ્ય-જીવન પ્રગટ થાય છે. દિવ્ય-જીવનમાં જ સંપૂર્ણ-સમર્પણ સિદ્ધ થયેલું હોય છે.

**૯ પ્રભુનો સંકલ્પ હું કેવી રીતે જાણી શકું ? મારા સંકલ્પોની સિદ્ધિમાં અવરોધો આવે તો તેને શું તે સંકલ્પ પ્રભુના સંકલ્પ વિરોધી છે એમ સમજવું ?**

સાધકની સગવડતા અગવડતા એ પ્રભુના સંકલ્પને ઓળખવાનાં ચિન્હો નથી. પણ સાધના દરમિયાન આપણા ચિત્તમાં એવી ચૈતસિક સંવેદન ક્ષમતા વિકસે છે જે સત્ય અને અસત્ય, દિવ્ય-અદિવ્ય વચ્ચેનો ભેદ તત્કાલિક અનુભવે છે. તેને અનુસરવાની જરૂર હોય છે. આ સંવેદન-ક્ષમતા જ પ્રભુના સંકલ્પની ઝાંખી કરાવે છે અને તેની સમજણ પણ આપે છે.

**૧૦ સાધકમાં રૂપાતરની શરૂઆત ક્યારથી થાય છે ?**

રૂપાંતરની પ્રક્રિયા જ્યારે શરૂ થાય છે કે તત્કાળ તેની જાણ થતી નથી. પણ પોતાના મન, પ્રાણ, શરીરમાં ઉપર મુજબ થતા ફેરફારોથી તે શરૂ થયું તે જાણી શકાય છે. ચિત્તમાં ઉપર જણાવેલી ચૈતસિક સંવેદન ક્ષમતા વિકસવા માંડે છે. વ્યક્તિ પોતાના જીવનમાં તે મુજબ ફેરફાર કરવા માંડે છે. રૂપાંતરનું કાર્ય થતું હશે તો તેનું સંવેદન સાધકને અચૂક ઉપરની ક્ષમતા કરાવે છે.

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો
- શ્રી માતાજી

# જ્ઞાનનો વિસ્તાર (૭૦-૭૧)

પ્રકરણ - ૪૬
(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૧૪૦-૧૫૩)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**જ્ઞાન ઉદય પામતું હોય છે. તેની નિશાની એ છે કે તેમાં તમે એમ અનુભવો છો કે હું હજી તો થોડુંક જ જાણું છું અથવા કાંઈ જ જાણતો નથી. અને છતાં મને જો મારા જ્ઞાનની માત્ર જાણ જ થઈ જાય તો તે હું ક્યારનોય જગતની સર્વ વસ્તુઓનો સ્વામી બની રહું છું. (૭૦)**

**જ્યારે પ્રજ્ઞા આવે છે ત્યારે તેનો પહેલો પાઠ આ હોય છે કે જ્ઞાન જેવી કોઈ ચીજ જ નથી. માત્ર અનંત ભગવાનના પ્રકાશમાં થતા તે ઝબકારા છે (૭૧)**

* * * *

બાળક : માતાજી, ઊંઘમાં ઘણી વખત ભવિષ્યની સંપૂર્ણ વિગતો જાણવા મળે છે. આ જ્ઞાનન ભૂમિકામાં સભાન રીતે પ્રવેશ કરવા શું કરવું જોઈએ, ઘણી વખત જ્ઞાની પુરુષો પણ ભવિષ્યની વસ્તુ જણાવવામાં ભૂલો કરે છે આનું કારણ શું?

માતાજી : ભૂમિકાનુસાર આવા સ્વપ્નો વહેલા મોડાં સાચા પડે છે. આદર્શ એવા જગતનાં હોય છેજે વિશ્વના આદિ-મૂળ તત્ત્વની પાસે જ હોઈ તેના સંપર્કમાં હોય છે. ત્યાં ભૂત, વર્તમાન, ભવિષ્ય આ કાળભેદ હોતો નથી એક અખંડ સનાતનકાળ ત્યાં હોય છે. તેથી ત્યાં ભવિષ્યની વસ્તુઓ પણ પ્રગટ સ્વરૂપે જ હોય છે. ત્યાં જોનારની દૃષ્ટિ સૂક્ષ્મ હો છે. પણ ત્યાંની વ્યક્તિ પાછા આવ્યા બાદ તેની છાપોનો અર્થ લગાડવામાં તે ભૂલ કરી શકે છે. તે દર્શન યાદ રહે તે માટેની પણ વિશિષ્ટ સાધના છે.

પ્રભુનો સંકલ્પ વિવિધ સ્તરે વિવિધરૂપે પ્રતિબિંબ થાય છે. તેમાં અસત્ય પણ પ્રવેશી ગએલું હોય છે અર્થાત તે વિકૃત-પ્રતિબિંબ બની જાય છે. તેને સાચું સમજવાથી જ ભૂલો થાય છે. સારાંશ દરેક વસ્તુનું શુદ્ધ સાચું સ્વરૂપ અને તેના અનેક વિકૃત ભ્રામક સ્વરૂપો પણ હોય છે. બુદ્ધિ અને મનમાંથી જ વિકૃતિઓ થવાની શરૂઆત થાય છે. લાગણીનાં પ્રદેશમાં તે વધારે ગાઢ બને છે. સ્થૂળભૂમિકા ઉપર તો અસત્ય જ વધુ પ્રમાણમાં હોય છે. તેથી ઘણી વખત વ્યક્તિને પરિચિત વ્યક્તિ સૂક્ષ્મ-સ્તરે મળે તો તેને ઘણું બધું નવું જાણવા મળે છે. આંખોનો પ્રકાશ ચહેરાના રંગો તદ્દન અલગ લાગે છે. પણ તે તેના આંતરિક ચારિત્ર્યને વધુ સાચી રીતે પ્રગટ કરે છે. ફક્ત દિવ્યચેતનામાં જ સાચી વાસ્તવિકતા પ્રગટ થાય છે. તેથી તેને કાયમ જાળવી રાખવી જરૂરી છે. તેમાં ચેતનાનો અનંત વિસ્તાર અને બધા સાથે એકરૂપ થવાની ક્ષમતા હોય છે. આ ચેતના મનોમય ચેતનાથી પણ ઊર્ધ્વમાં આવેલી છે.

ઘણી વ્યક્તિ આઘેના અંતરની વસ્તુઓ જોઈ શકે છે. તેમની તે ઈન્દ્રિય વિશાળ થએલી હોય છે અને સૂક્ષ્મ પણ. પણ તેઓમાં સચ્ચાઈ હોવી જ જોઈએ તેનો આગ્રહ રાખવામાં આવે છે. તેમનાથી અજાણ તેમની કલ્પનાશક્તિ જો તેમાં ઉમેરો કરે તો ભૂલ થાય છે. લોકોની અપેક્ષાઓથી તે નિર્લેપ હોવો જરૂરી છે.

બાળક : માતાજી સૂક્ષ્મમાં આકાર પામેલી વસ્તુ કે ઘટનાને આપણે બદલી શકીએ ?

માતાજી : આ ઘટનાને બદલતી એવી એક ઘટના મને ખબર છે. એક શ્રીમંત પ્રવાસી એક હોટેલનાં સાતમે માળે ઉતર્યો હતો. રાત્રે તેને એક સ્વપ્નું આવ્યું તેમાં તેને એક હોટેલ બોય તેને તેની જ શબવાહિનીમાં બેસી જવા આંગળી દર્શાવી જણાવી રહ્યો હતો. બીજે દિવસે જેવો તે પોતાની રૂમની બહાર નકળ્યો કે સ્વપ્નમાંના જ હોટેલ બોયે તેને લીફટમાં બેસવા તેવી જ રીતે આંગળી દર્શાવી. તેથી પ્રવાસી લીફટમાં ન બેઠો અને પગથિયાં ઉતરી ગયો. તે લીફટને અકસ્માત થયો. બધાં જ મરી ગયા ફક્ત તે બચી ગયો.

માતાજીને પોતે એક પર્વતની સાંકડી કેડી ઉપરથી ચાલતી વખતે આવો જ અનુભવ આવેલો. તેમને અગાઉથી જાણ થએલી કે તે કેડીની ડાબીબાજુ ઉપરના ખડક ઉપર એક સાપ તેમની વાટ જોઈ રહ્યો છે. અને ખરેખર ત્યાં તે હતો. બીજો

આવો જ પ્રસંગ અરિયનકુપ્પમ્ નામના માછીમારોના ગામમાંની નદી કિનારે થએલો.

એવી જ ઘટના લકસમબુર્ગનાં ચોકમાં બનેલી. ચોક પસાર કરતી વખતે મને જાણે કોઈએ ધક્કો માર્યો અને તે વખતે પડખેથી ટ્રામ નીકળી ગઈ. પોતે બચી ગયાં.

ઘણી વખત કોઈ નાનકડું સત્વ આવી ખબર આપતું. આપણી ઇન્દ્રિયોની ક્ષમતા અને સૂક્ષ્મતા ઘણા સ્તરે વિસ્તરેલી છે. તે વિકસાવીએ તો આ બધી વસ્તુઓ જાણી શકાય છે.

બાળક : માતાજી, આ ક્ષમતાઓ કેવી રીતે વિકસાવાય?

માતાજી : ઈચ્છા શક્તિથી ઈન્દ્રિયોની ક્ષમતા વિકસાવવાનો પ્રયત્ન કરવો જરૂરી છે. તમે પદાર્થની આરપાર જોવાની ઈચ્છા સાથે વસ્તુ ઉપર એકાગ્ર થાઓ. સ્થૂળ વસ્તુ પાછળની પ્રાણમય વાસ્તવિકતા જાણવા એકાગ્ર થાઓ. આવી વિવિધ કસરતો છે. તેમાં કલ્પનાનો ઉપયોગ પણ કરવાનો હોય છે. માતાજી પથારીવશ હતા ત્યારે પોતાના પતિના સ્ટુડીઓમાં શું થઈ રહ્યું છે તે જોવાની ક્ષમતા આ રીતે વિકસાવેલી. પણ આ માટે મહિનાઓ સુધી અભ્યાસ કરવો પડેલો.

કોઈ સમસ્યાના ઉકેલ માટે પણ આનો ઉપયોગ કરાય છે. તમે મનને નીરવ કરી દો અને ફક્ત સમસ્યા મનની સામે સતત મૂકતા રહો. અચાનક જવાબ મળી જશે.

સ્થૂળ ઈન્દ્રિયોની ક્ષમતાઓ રેડઈન્ડીયન્સ લોકો ખૂબ વિકસાવે છે. તેઓ ઘણું આઘેનું સાંભળી શકે છે. કુતરામાં આ ક્ષમતા છે.

હિપ્પોડ્રોમ સર્કસમાં એક રેડઈન્ડીયન્સ જમીન ઉપર કાન રાખી આઘેનું સાંભળી શકતો.

પણ આ બધાને ખરેખર જ્ઞાન ન કહેવાય શ્રી અરવિન્દના મતે સાચું જ્ઞાન એ છે કે 'જ્યારે સાચું જ્ઞાન આવે છે ત્યારે પહેલો પાઠ એ શીખવે છે કે જ્ઞાન જેવી કોઈ વસ્તુ છે જ નહિ, આપણને માત્ર અનંત પરમાત્માની અલગ અલગ આંશિક ઝાંખીઓ જ થતી હોય છે. પરમાત્માનાં સર્વત્ર દર્શન એ જ સાચું જ્ઞાન છે.

# પ્રાસંગિક

- હર્ષદ ઠકરાર

## આધ્યાત્મિક કેન્દ્ર

(મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર રાજકોટના સ્થાપના દિન ૬ જુલાઈ ૨૦૧૪ નિમિત્તે)

અનેક લોકોના મનમાં પ્રશ્ન ઉદ્‌ભવે છે કે અમારે ત્યાં શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની પૂજા છે તો પછી અમારે શા માટે શ્રી અરવિન્દ કેન્દ્રની આધ્યાત્મિક પ્રવૃત્તિમાં સહભાગી થવું ?

જેટલો તફાવત આપણા ઘરે આવતા વિદ્યુત પુરવઠામાં અને વિદ્યુત સબસ્ટેશન ઉપરના વિદ્યુત પુરવઠામાં છે તેટલો તફાવત સાધકના ઘરે થતી પૂજા અને કેન્દ્રમાં થતી આધ્યાત્મિક પ્રવૃતિઓ વચ્ચે છે.

વિદ્યુત સબસ્ટેશનમાં જે પુરવઠો આવે છે તે માત્રામાં જ વિદ્યુત પુરવઠો આપણા ઘરમાં આવે તો આ વિદ્યુત ઉપકરણો કાર્ય કરી શકે નહીં. વિદ્યુત સબસ્ટેશનમાં જે વિદ્યુત પુરવઠો આવે છે તે મૂળ સ્ત્રોતમાંથી આવે છે અને આ વિદ્યુત પુરવઠાને આપણા વિદ્યુત ઉપકરણો પોતાની ગ્રહણશક્તિ મુજબ કાર્ય કરી શકે તે માત્રામાં રૂપાંતરીત કરી વિદ્યુત પુરવઠો આપણા ઘરે આવે છે.

કેન્દ્રમાં જે ચેતના આવે છે તે સીધી પરમ ચેતનામાંથી આવે છે. અને કેન્દ્ર દ્વારા પરમ ચેતના સાધકની ગ્રહણશક્તિ મુજબ સાધકમાં પ્રવેશે છે. જેથી મુખ્ય સ્ત્રોતની પરમ ચેતના વેડફાઈ જાય નહીં. સાધકની ચેતનાની ગ્રહણશક્તિ કેન્દ્રની ગ્રહણશક્તિના પ્રમાણમાં મર્યાદિત હોવાથી પરમ ચેતના વેડફાઈ જાય છે. કેન્દ્રમાં સામુહિક સાધના થતી હોવાથી પ્રત્યેક સાધક પોતાની ગ્રહણશક્તિ અનુસાર ચેતના ગ્રહણ કરતો હોઈ ચેતનાનો વ્યય થતો નથી.

આપણે સૌ શ્રી અરવિન્દના યોગને પૂર્ણયોગ કહીએ છીએ. શ્રી અરવિન્દે

આ યોગની આરાધના વ્યક્તિગત સિદ્ધિ માટે કરી ન હતી. પરંતુ સમગ્ર માનવ જાત પૂર્ણયોગ દ્વારા અપરાપ્રકૃતિમાંથી પરા પ્રકૃતિમાં રૂપાંતર પામે તે માટે આરાધના કરી હતી.

શ્રી અરવિન્દનો પૂર્ણયોગ ફક્ત વ્યક્તિગત સાધનાનો નથી પરંતુ વ્યક્તિની સાથો સાથ સમગ્ર સમાજની ચેતનાની ઉત્ક્રાંતિ માટેનો પણ છે. આથી જ્યારે સાધક પોતાના ઘરે સાધના કરે તે વ્યક્તિગત સાધના જ રહેશે. પરંતુ સાધક કેન્દ્રમાં સાધના કરશે ત્યારે સાધક પરસ્પર સહયોગથી સાધના કરશે. પરસ્પર સહયોગ દ્વારા થતી સાધના દ્વારા સાધકમાં રહેલ ત્રુટીઓ દૂર થાય છે અને સાધક પૂર્ણતા પ્રાપ્ત કરવા પ્રગતિ કરે છે. આ પૂર્ણતા એટલે શું ? તે સમજાવતા શ્રી માતાજી જણાવે છે :

"Perfection is not a maximum or extreme.
It is an equilibrium and harmonisation."

- The Mother

''પૂર્ણતા એ મહત્તમતા કે અંતિમતા નથી.
પૂર્ણતા છે એક સમતુલન અને સંવાદિતાપણું.'

- શ્રી માતાજી

ઘરે સાધના કરવાથી સાધકની સાધના એકાંગી થઈ જાય છે. જ્યારે આધ્યાત્મિક કેન્દ્રમાં થતી સાધના દ્વારા સાધકો વચ્ચે પરસ્પર સમતુલન અને સંવાદિતા દ્વારા સાધક વ્યક્તિરૂપે તેમજ આધ્યાત્મિક કેન્દ્રના પ્રતિનિધિરૂપે અભિવ્યક્ત થાય છે. સાધક કેન્દ્રનો પ્રતિનિધિ તરીકે અભિવ્યક્ત થતો હોવાથી સાધક પોતાની શક્તિનું પ્રદર્શન કરતો હોતો નથી, પરંતુ પરમ ચેતનાને અનુભવે છે અને પરમ ચેતનાનું દર્શન કરે છે. પરમ ચેતનાની અનુભૂતિ દ્વારા સાધકમાં રહેલો અહંકાર ઓગળી જાય છે. અહંકાર ઓગળી જવાથી સાધકનો ચૈત્યપુરુષ અગ્રભાગે આવે છે.

ચૈત્યપુરુષનું અગ્રભાગે આવવું એટલે સાધકની મનોમય, પ્રાણમય અને પાર્થિવ ચેતનાનું પરમ ચેતનામાં રૂપાંતર પામવું. સાધક પરમ ચેતનામાં

પ્રવેશતો હોવાથી સાધક તેની અપરા પ્રકૃતિમાંથી મુક્ત થઈ પરાપ્રકૃતિ દ્વારા જીવન વ્યતીત કરે છે.

અપરા પ્રકૃતિમાં સાધક મદ, મત્સર, લોભ, મોહ, માયા, ક્રોધ વિગેરે અવગુણો દ્વારા જીવન વ્યતીત કરતો હોય છે. આ જ સાધક પરાપ્રકૃતિમાં રૂપાંતરીત થતો હોવાથી પરમ ચેતના દ્વારા જીવન વ્યતીત કરે છે. આમ સાધકનું પાર્થિવ જીવન દિવ્ય જીવનમાં રૂપાંતરિત થાય છે. સાધકનું દિવ્ય જીવનમાં રૂપાંતર થતું હોવાથી સાધકનો કર્તાનો ભાવ ઓગળી જાય છે અને કર્મના કર્તા તો ફક્ત પરમ પ્રભુ છે એમ સાધકને અનુભવાય છે.

સાધક પરાપ્રકૃતિ દ્વારા જીવન વ્યતીત કરતો હોવાથી સાધકનો દિવ્ય ચેતનામાં વિકાસ થાય છે. દિવ્યચેતનાના આ વિકાસ દ્વારા સાધકના સંકલ્પમાં અને પરમ પ્રભુના સંકલ્પમાં ભેદ રહેતો નથી. સાધક અને પરમ પ્રભુ વચ્ચે ભેદ ન રહેતા સાધક દ્વૈતભાવમાંથી મુક્ત થાય છે અને અદ્વૈતમાં રૂપાંતર પામે છે.

સાધક અદ્વૈતમાં રૂપાંતર પામતો હોવાથી સાધકને સાકાર અથવા નિરાકાર બ્રહ્મને બદલે ફક્ત પરમ બ્રહ્મ જ અનુભવાય છે. જે રીતે સરોવરની વચ્ચોવચ્ચ રહેલ ઘટને ફક્ત પાણી જ અનુભવાય છે, તે રીતે સાધકને ફક્ત પરમચેતના જ અનુભવાય છે. સાધકને માટે આ અનુભૂતિમાં આધ્યાત્મિક કેન્દ્ર એક યજ્ઞ વેદીરૂપ અનુભવાય છે, જે દ્વારા કેન્દ્ર શ્રી માતાજીએ સમજાવ્યું છે તે મુજબ અસત્ય અને છેતરપીંડીને ભેદીને ઊર્ધ્વ દિશામાં સત્યનિષ્ઠાની જ્વાલા દ્વારા ગતિ કરતું હોય છે. આધ્યાત્મિક કેન્દ્ર વિશે શ્રી માતાજી જણાવે છે.

''કેન્દ્રનો પ્રારંભ કરવો એટલું માત્ર પૂરતું નથી. એ કેન્દ્ર પૂર્ણ સમર્પણભાવમાં એક સત્યનિષ્ઠાની શુદ્ધ વેદીરૂપ બનવું જોઈએ. આ સત્યનિષ્ઠાની જ્વાલા જગતના અસત્યો અને છેતરપીંડીઓને ભેદીને ખૂબ ખૂબ ઊંચે ચડતી રહો.''

- શ્રી માતાજી

સત્યનિષ્ઠાની વેદીમાં વેદીની જ્વાલા અસત્ય, છેતરપીંડી વિગેરેને ભસ્મ કરી નાખે છે અને તે દ્વારા સાધક ઊર્ધ્વગતિ કરે છે. સાધક અસત્ય અને છેતરપીંડીમાંથી મુક્ત થતો હોવાથી સાધક બાહ્ય પ્રકારની પ્રસિદ્ધિમાંથી મુક્ત થાય છે અને ફક્ત આધ્યાત્મિક જીવન વ્યતીત કરે છે. તે સમજાવતા શ્રી અરવિન્દ

જણાવે છે :

"The prestige of an iinstitution claiming to be a centre of spirituality lies in spirituality; not in newspaper columns or famous people" - Sri Aurobindo

શ્રી અરવિન્દ સમજાવે છે તે મુજબ આધ્યાત્મિક કેન્દ્રમાં રહેલી આધ્યાત્મિકતા જ અગત્યની છે. કેન્દ્રની બાહ્ય પ્રસિદ્ધિ નહીં. જે રીતે સૂર્યનો ઉદય થાય છે અને અંધકારનો નાશ થાય છે તે રીતે સાધકમાં આધ્યાત્મિકતાનો ઉદય થતા સાધક આપોઆપ પ્રજ્વલિત થઈ સમાજમાં આધ્યાત્મિક પ્રકાશ ફેલાવે છે.

સાધકમાં પ્રગટતી આ પ્રજ્વલ્લિતતા એ સાધકની શક્તિ નથી. પરંતુ પરમ પ્રભુના પરમ ચેતનાની અભિવ્યક્તિ છે.

સાધકની અપરાપ્રકૃતિને પરાપ્રકૃતિમાં રૂપાંતરિત કરવી એ જ છે આધ્યાત્મિક કેન્દ્રનું સાચું કાર્ય.

ચાલો આપણે સૌ સંકલ્પ કરીએ. આપણે સૌ બાહ્ય પ્રવૃત્તિ માટે નહીં, પરંતુ આપણામાં રહેલ આંતરિક પ્રવૃત્તિના રૂપાંતર માટે જ આધ્યાત્મિક કેન્દ્રના કાર્યમાં સહભાગી થઈએ. એ જ કરુણામયી મા ભગવતીને પ્રાર્થના.


ૐ શાંતિ શાંતિ શાંતિ

---

(પૃ.૩૯ ઉપરથી)

## ધી મધર્સ એજન્ડા

જ્યારે આ પ્રકારનું નિયંત્રણ હજી સ્થપાયેલું હોતું નથી અર્થાત્ ઊર્ધ્વમાંનું તત્ત્વ હજી નિમ્ન તત્ત્વ ઉપર નિયંત્રણ કરવા જેટલું વિકસિત થયેલ હોતું નથી. ત્યારે સાધકને પોતાની તે ઉર્ધ્વચેતનાને ભૌતિકસ્તરે પ્રકટ કરવા માટે ચેતનાની અંદર ડૂબકી મારીને તે ઉર્ધ્વચેતનામાં દૃઢ સંકલ્પ અને આત્મવિશ્વાસ જગવવો પડે છે. આ ચેતનાની વિલીનતા અથવા આંતરમુખતા ઘણી વખત બેહોશી કે તંદ્રાવસ્થા જેવી ભાસે છે, ખરેખર તે બેહોશી અથવા તંદ્રાવસ્થા હોતી નથી પણ ચેતનાની વિલીનતા હોય છે. ચેતના સાધકની અંદર ઊતરીને ભૌતિક આધારમાં કામ કરતી હોય છે અને તેથી આંતરિક રીતે તે ખૂબ જ સજાગ અને સભાન હોય છે. આવી ચેતનાની વિલીનતા એ આંતરકાર્યમાં રત ચેતનાનું લક્ષણ છે.



# શ્રી અરવિંદ

A Presence wrought behind the ambiguous screen:
It built his soul into a statued God.
The Craftman of a magic stuff of self
Who labours at his high and difficult plan
In the wide workshop of the wonderful world,
Modelled in inward Time his rhythmic parts.

Shri Auribindo (Savitri - B-1, C-3, P.-25)

## દિવ્ય - વ્યક્તિનું ઘડતર

એક હાજરી વર્તાતી હતી, અણદેખી પ્રકૃતિની પાર્શ્વમાં,
તે તેના આત્મતત્ત્વને, પ્રભુપ્રતિમારૂપે કંડારતી,
જાણે વિશ્વકર્મા બની, આત્મતત્ત્વને ઘાટઘૂટ દે,
ને ઊર્ધ્વ-ચેતને આ ગૂઢ કાર્ય, મુશ્કેલ આયોજને પણ હાથ ધરે,
ત્યાં વિશાળ પ્રયોગ-કેન્દ્રે, ઘડામણ અદ્‌ભુત વિશ્વની થતી,
આંતર - સનાતન કાળમાં, તે સુસંવાદી ભાગોને ઘડતી હતી.

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2012-2014
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

# ચતુરાશ્રમ

(જીવન = ૧૦૦ વર્ષ)

ઋષિઓએ વિભાજ્યું, જીવન તબક્કા ચારમાં,
જુદી તપસ્યાઓનો કાળગણી, ચતુરાશ્રમો નામે ગણ્યાં.
તપસ્યાનો પરિશ્રમ વેઠીને, જીવન-પાસાં વિકસાવવાં,
તેથી તેને 'આશ્રમ' કહી, નવાજ્યા એ કાળમાં.

જીવન-વિભાજનનો ઉદ્દેશ હતો, વ્યક્તિ, સમાજને વાળવા,
સંસારાસક્તિથી અધ્યાત્મ ભણી, ને સર્વ બંધનોને વિમોક્ષવા,
બ્રહ્મ-પ્રાપ્તિ ન મુક્તિ વિના, એ તેમનાં વિચાર હતાં,
જીવનના ચાર ધ્યેયો ગણ્યા, ધર્મ, અર્થ, કામ, મોક્ષ, સદા.

સમાજ - ધર્મ પાળવો, એ 'ધર્મ' ધારણા ગણી,
રાજધર્મો નિભાવવા એ 'અર્થ'ની પ્રાપ્તિ હતી.
વ્યક્તિગત મહેચ્છાઓ સંતોષવી, એ 'કામ'ની તૃપ્તિ કહી,
ને સર્વ બંધનોથી મુક્ત બની, પ્રભુ પ્રાપ્તિને જ શોધવી.

એ મોક્ષની સ્થિતિ ગણી, ચાર પુરુષાર્થો નિશ્ચિત કર્યાં,
સમાન કાળના આશ્રમો, વિભાજ્યા વર્ષ શતકનાં.
બ્રહ્મચર્ય, ગૃહસ્થ ને, વાનપ્રસ્થ સંન્યાસ ગણ્યાં.
ચતુરાશ્રમો જીવન તણાં, હતાં સુવ્યવસ્થા રૂપના.

**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક**
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

**પુસ્તકો**
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત